પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૫૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૨-૨૦૨૩ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આપની શૈલી ઓબેરોય દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે ચૂંટાયા : ભાજપના ઉમેદવારોનો પરાજય



નવીદિલ્હી,

આપની શૈલી ઓબેરોય દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે ચૂંટાયા છે. આમ આદમી પાર્ટીના મેયર પદના ઉમેદવાર ડૉ. શૈલી ઓબેરોયને ૧૫૦ મત મળ્યા હતા. ભાજપના ઉમેદવાર રેખા ગુપ્તાને ૧૧૬ વોટ મળ્યા હતા. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની મેયરની ચૂંટણી માટે કુલ ૨૬૬ વોટ પડ્યા હતા. મેયરની ચૂંટણીનું પરિણામ આવે તે પહેલા જ ગૃહમાં શેલી ઓબેરોય ઝિંદાબાદના નારા લાગ્યા હતા. પહેલાથી જ દિલ્હીના મેયર પદ પર આપની જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી. મેયર પદની ચૂંટણી યોજવા માટે નાગરિક સંસ્થાના ત્રણ નિષ્ફળ પ્રયાસો બાદ બુધવારે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ફરી એકવાર ચૂંટણી યોજાઈ હતી. મેયર પદ માટે આપના શેલી ઓબેરોય અને ભાજપના રેખા ગુપ્તા મુખ્ય દાવેદાર હતા.

૧૭ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટે મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના છ સભ્યોની ચૂંટણીની તારીખ નક્કી કરવા માટે ૨૪ કલાકમાં નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો હતો.ઉમેદવાર શૈલી ઓબેરોયની અરજી પર સુનાવણી કરીને આ આદેશ જારી કર્યો હતો.

દિલ્હી મેયરની ચૂંટણીનું મતદાન સવારે ૧૧.૩૦ વાગ્યે શરૂ થયું હતું અને ૨ કલાકથી વધુ સમય સુધી ચાલ્યું હતું. કુલ ૧૦ નામાંકિત સાંસદો, ૧૪ નામાંકિત ધારાસભ્યો અને દિલ્હીના ૨૫૦ ચૂંટાયેલા કાઉન્સિલરોમાંથી ૨૪૧એ મેયરની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. કોંગ્રેસના ૯ કાઉન્સિલરોએ પોતાનો મત આપ્યો નથી.બીજેપી સાંસદ મનોજ તિવારીએ દિલ્હીના મેયરની ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

આજે પણ સવારે ૧૧ વાગે સિવિક સેન્ટરમાં હંગામા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી આપ કાઉન્સલરોનો પોલીસ સાથે થોડો વિવાદ પણ થયો. આપ સદનમાં બીજેપી વિધાયક વિજેન્દ્ર ગુપ્તાની એન્ટ્રીનો વિરોધ કરી રહ્યા હતા. હંગામાની શક્યતાને જોતા સદનમાં સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી.

મેયરની ચૂંટણીમાં આપની જીત પર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યું હતું કે, 'ગુંડાઓ હારી ગયા, જનતા જીતી ગઈ. આજે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દિલ્હીની જનતાની જીત થઈ અને ગુંડાગીરીનો પરાજય થયો. મેયર તરીકે શૈલી ઓબેરોયની ચૂંટણી પર દિલ્હીની જનતાને અભિનંદન. જયારે ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ નવા ચૂંટાયેલા મેયર ડૉ. શેલી ઓબેરોયને અભિનંદન આપ્યા અને તમામ આપ કાઉન્સિલરો અને પાર્ટી કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા. આપના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે શૈલી ઓબેરોયની જીત પર કહ્યું, 'ગુંડાગીરી હારી છે, જનતા જીતી ગઈ છે. ભાજપ છેતરપિંડી કરીને પોતાનો મેયર બનાવવા માંગતી હતી. હું શૈલી ઓબેરોયને દિલ્હીના મેયર તરીકે ચૂંટાવા બદલ અભિનંદન આપું છું.

શૈલી ઓબેરોય ૨૦૧૩માં એક કાર્યકર્તા તરીકે આપમાં જોડાયાં હતાં અને ૨૦૨૦ સુધી તેઓ પાર્ટીના મહિલા મોર્ચાના ઉપાધ્યક્ષ હતાં. કોર્પોરેટર તરીકે પ્રથમ વખત તેમણે પશ્ચિમ દિલ્હીમાં ભાજપના ગઢમાં જીત પ્રાપ્ત કરી.

દિલ્હી વિશ્વવિદ્યાલયમાં એક પૂર્વ વિઝિટિંગ આસિસ્ટેન્ટ પ્રોફેસર અને પહેલીવાર કોર્પોરેટર શૈલીએ દિલ્હી ભાજપાના પૂર્વ પ્રમુખ આદેશ ગુપ્તાના ગૃહ ક્ષેત્ર પૂર્વી પટેલ નગરથી ચૂંટણી લડી અને પોતાના સ્પર્ધી દીપાલી કુમારીને ૨૬૯ મતથી હરાવ્યા અને હવે રેખા ગુપ્તાને હરાવીને મેયર બની ગયા છે. ૩૯ વર્ષનાં શૈલી ઓબેરોય પશ્ચિમ દિલ્હીના પૂર્વ પટેલ નગર વોર્ડના ચૂંટાયેલા કાઉન્સિલર છે. તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર હતાં. તેઓ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સના આજીવન સભ્ય પણ છે. ઓબેરોયે આઈજીએનઓયુની સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝમાંથી મેનેજમેન્ટ સ્ટડીઝમાં પીએચ.ડી કર્યું છે. તેમની પાસે તેમના નામ પર ઘણાં પુરસ્કારો અને સન્માન છે જે તેમને વિવિધ સંમેલનોમાં પ્રાપ્ત થયાં છે.

૩૯ વર્ષની શૈલી ઓબેરોયના પિતાનું નામ સતીશ કુમાર ઓબેરોય છે. શૈલી બે બહેન અને એક ભાઈ છે, બહેનનું નામ મિલી ખન્ના અને ભાઈનું નામ તુષાર ઓબેરોય છે. તેમણે હિમાચલ અને દિલ્હીમાંથી અભ્યાસ કર્યો છે. દિલ્હી વિશ્વવિદ્યાલયના જાનકી દેવી કોલેજથી બીકોમ તો હિમાચલ વિશ્વવિદ્યાલયથી એમકોમ કર્યું. તેમણે એમફિલ અને પીએચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરીને વિવિધ શિક્ષણ સંસ્થાનોમાં ભણાવ્યાં. બિઝનેસ મેનેજમેન્ટના ક્ષેત્રમાં તેમના ઘણા સંશોધન પત્રો વિવિધ જર્નલમાં પ્રકાશિત થયા છે. મેયર બન્યા બાદ ડો.શૈલી ઓબેરોયે કહ્યું કે હું તમને બધાને ખાતરી આપું છું કે હું આ ગૃહને બંધારણીય રીતે ચલાવીશ. હું આશા રાખું છું કે તમે બધા ગૃહની ગરિમા જાળવશો અને તેની સુચારૂ કામગીરીમાં સહકાર આપશો.

### રંગોત્સવ ધૂળેટી પર્વને ગણતરીના દિવસો બાકી

## આ વખતે ધૂળેટીના પર્વમાં પિચકારીની ખરીદીમાં ૨૫થી ૩૦ ટકા ભાવ વધારો નોંધાયો



અમદાવાદ,

અબાલ-વૃદ્ધોમાં લોકપ્રિય એવા ધૂળેટીના પર્વ આડે હવે એકાદ પખવાડિયાનો સમય માંડ બાકી રહ્યો છે, ત્યારે પૂર્વ અમદાવાદના વિવિધ વિસ્તારમાં છુટાછવાયા પિચકારીનું વેચાણ શરૂ થઈ ગયું છે. ધીમે ધીમે નાના-મોટા સ્ટોલ ખૂલવા માંડયા છે. કોરોનાના ગ્રહણ બાદ મોંઘવારીએ અજગરી ભરડો લીધો હોવાથી લોકોએ આ વખતે પિચકારીની ખરીદીમાં ૨૫થી ૩૦ ટકા ભાવ વધારો આપવા તૈયાર રહેવું પડશે. અમદાવાદ શહેરની બજારોમાં વેચાતી મોટાભાગની પિચકારી ચાઈના અને દિલ્હીથી મગાવવામાં આવે છે. શહેરના સિઝનલ બજારોના વેપારીઓએ જથ્થાબંધ પિચકારીની ખરીદી શરૂ કરી દીધી છે.

ધૂળેટીના તહેવારની નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના સહુ કોઈ અનેરા ઉમંગ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરતા હોય છે. આગામી ૮ માર્ચના રોજ આવી રહેલા આ પર્વને લઈને શહેરમાં પિચકારીનું વેચાણ શરૂ થઈ ગયું છે. જુદા જુદા વિસ્તારોમાં નાની નાની દુકાનો ખૂલવા માંડી છે. દિલ્હી દરવાજા વિસ્તારના સિઝનલ બજારના વેપારી રાજુભાઈ જણાવે છે કે, સ્થાનિક વેપારીઓએ જથ્થાબંધ વેપારીઓ પાસેથી ખરીદી શરૂ કરી દીધી છે. કોરોનાની ત્રીજી લહેરના કારણે આ વખતે પણ ચાઈના અને દિલ્હીમાં ઉત્પાદકોએ ઓછો માલ બનાવ્યો છે. જથ્થાબંધ વેપારીઓ માલની અછત હોવાનું જણાવી રહ્યા છે. આ ઉપરાંત મોંઘવારી વધી છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધ્યો છે. માટે પિચકારીના ભાવમાં ૨૫થી ૩૫ ટકા સુધીનો વધારો થયો છે. બજારમાં ૨૦ રૂપિયાથી ૧ હજાર રૂપિયા સુધીની અવનવી પિચકારીઓ વેચાય છે. ગત વર્ષે બજારમાં ૫૦ રૂપિયામાં વેચાતી પિચકારીના આ વખતે ૬૫થી ૭૦ અને ૨૦૦ રૂપિયાની પિચકારીના ૨૫૦ જેટલા ભાવ રહેશે.

ધૂળેટીના પર્વમાં અંતિમ દિવસોમાં મોટાભાગની ખરીદી લોકો કરતા હોય છે. કાલુપુર વિસ્તારના એક વેપારીના જણાવ્યા અનુસાર પિચકારીનો ઉપયોગ મોટાભાગે બાળકો જ કરતા હોય છે. હવે તહેવારોના દિવસોમાં લોકોમાં ફરવા જવાનું ચલણ વધ્યું છે. ઉપરાંત લોકો છૂટ્ટા કલરથી ધૂળેટી રમવાનું વધારે પસંદ કરવા લાગ્યા છે. માટે એક દસકા અગાઉ જેટલા પ્રમાણમાં પિચકારી વેચાતી હતી, એટલી પિચકારીઓ હાલ વેચાતી નથી. એકંદરે દિવસેને દિવસે પિચકારીનો ઉપયોગ ઘટી રહ્યો છે

## શિયા-યુક્રેન યુદ્ધ કેન્દ્રસ્થાને મોદી માર્ચમાં ૪૦ દેશના મંત્રીને મળશે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચના પહેલા સપ્તાહમાં ૪૦ દેશના વિદેશ મંત્રીઓ સાથે એક બેઠક યોજશે. જી-૨૦ અને રાયસીના સંવાદના બેનર હેઠળ યોજાનારી આ બેઠકમાં રશિયા-યુક્રેન યુદ્ધ કેન્દ્રસ્થાને રહેશે. જોકે, યુક્રેન આ બેઠકમાં ભાગ નહીં લે, પરંતુ રશિયાના બહાને આ મુદ્દે ચર્ચા થશે. એવું કહેવાય છે કે, આ બેઠકમાં ભારત યુદ્ધ સમાપ્ત કરવાની ફોર્મ્યુલા રજૂ કરીને મોટી પહેલ કરી શકે છે.

જી-૨૦ મુખ્યત્વે આર્થિક વિકાસને ગતિ આપવા માટેનું મંચ છે, પરંતુ રશિયા પર લાગેલા પ્રતિબંધો અને ભારત જેવા દેશો દ્વારા રશિયા પાસેથી ઓઈલ ખરીદવા મુદ્દે પણ રાજકીય ચર્ચા થઈ શકે છે. આ બેઠકમાં સપ્ટેમ્બરમાં યોજાઈ રહેલા શિખર સંમેલનનો એજન્ડા તૈયાર થશે. અધ્યક્ષ તરીકે ભારત જ તે એજન્ડા નક્કી કરશે. જી-૨૦ની ૧૯૦ બેઠક નક્કી થઈ છે, જે ભારતના ૫૦ શહેરમાં યોજાશે.

૪૦ દેશ ભાગ લેશે, મિત્ર દેશોને પણ આમંત્રણ: જી-૨૦ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાંસ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, દક્ષિણ કોરિયા, તૂર્કિયે, અમેરિકા અને યુરોપિયન યુનિયન પણ ભાગ લેશે. બાંગ્લાદેશ, ઈજિપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડ્સ, નાઈજિરિયા, ઓમાન, સિંગાપોર, સ્પેન અને યુએઈ જેવા મિત્ર દેશોને પણ આમંત્રણ છે. તેમાં લગભગ તમામ દેશના વિદેશ મંત્રીઓ સાથે વડાપ્રધાન મોદી મુલાકાત કરશે.

દિલ્હીની ફાઈવ સ્ટાર હોટલોમાં એક હજારથી વધુ રૂમ બુક કરાયા છે, જેમાં કેટલાક પ્રોટોકોલ હેઠળ સરકારે તો કેટલાક વિવિધ દેશોએ બુક કર્યા છે. આ ઉપરાંત ૧૦૦થી વધુ બુલેટપ્રૂફ કારની પણ વ્યવસ્થા કરાઈ છે. બાકીની કાર અલગ. સપ્ટેમ્બરમાં યોજાનારી શિખર બેઠકમાં આ સંખ્યા બમણી થઈ જશે.

શ્રીનગરમાં જી-૨૦ના પ્રવાસનને લઈને પણ બેઠક થશે. તેની સત્તાવાર જાહેરાત નથી થઈ, પરંતુ સૂત્રોના મતે શ્રીનગરમાં મે મહિનામાં બેઠક યોજવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ બેઠક જમ્મુ-કાશ્મીરની ચૂંટણીની આસપાસ હશે. કલમ ૩૭૦ હટાવ્યા પછી યોજાઈ રહેલી પહેલી ચૂંટણી અંગે વિદેશી પ્રતિનિધિઓને સંદેશ અપાશે કે, કેવી રીતે કાશ્મીર વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. પાકિસ્તાને ચીનની ડિપ્લોમેટિક ચેનલ થકી શ્રીનગરમાં જી-૨૦ બેઠક અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે નિષ્ફળ રહ્યું છે.

જવાબ: જી-૨૦ ગ્લોબલ નોર્થ ગ્રૂપ છે. તેમાં મોટા ભાગના વિકસિત દેશ છે. ગ્લોબલ સાઉથની ભૂમિકા ઓછી છે. ભારત, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ કે સાઉદી અરબના ગ્રૂપમાં જ વિકાસશીલ દેશોની હિસ્સેદારી છે.ભારતની ભૂમિકા એ છે કે, જે વિકસિત નથી, તેમનો અવાજ બનો. ગ્લોબલ સાઉથ સમિટમાં વડાપ્રધાને વિકાસશીલ દેશોના સૂચનો પણ મેળવી લીધા છે. ગઈ જી-૨૦ બેઠકમાં અનેક કારણસર કોઈ પરિણામ નહોતું આવી શક્યું. તેનું મુખ્ય કારણ યુક્રેન યુદ્ધ હતું. આ વખતે મૂડ સારો છે

## દેશમાં કેટલાંક સ્થળોએ ગરમીમાં ૩-૫ ડિગ્રીનો વધારો થશે



નવીદિલ્હી,

દેશભરમાં ગરમીનો પારો ઝડપથી ઉપર જઈ રહ્યો છે ત્યારે હવામાન વિભાગે વિવિધ રાજ્યોમાં આગામી દિવસોમાં તાપમાન વધવાની આગાહી કરી છે.આઈએમડીએ જણાવ્યું હતું કે, ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ ભારતમાં આગામી કેટલાક દિવસોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૩-૫ ડિગ્રી ઊંચું રહેવાનો અંદાજ છે.

દેશના ઘણા ભાગોમાં અત્યારથી જ તાપમાન એટલું વધી ગયું છે જે સામાન્ય રીતે માર્ચના પહેલા સપ્તાહમાં હોય છે. ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટએ જણાવ્યું હતું કે, સામાન્ય કરતાં ઊંચા તાપમાનની પ્રતિકૂળ અસર ઘઉં અને અન્ય પાક પર પડે છે આઈએમડીના વરિષ્ઠ હવામાનશાસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી બે દિવસમાં તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ ઘટવાનો અંદાજ છે. જોકે, આ વિસ્તારમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૩-૫ ડિગ્રી ઊંચું રહેશે.' ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પશ્ચિમ ભારતના મોટા ભાગના સ્થળોએ સોમવારે મહત્તમ તાપમાન ૩૫થી ૩૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હીમાં સોમવારે ૧૯૬૯ પછી ફેબ્રુઆરીમાં અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો.

રાજધાનીના સફદરજંગ હવામાન સ્ટેશને મહત્તમ તાપમાન ૩૩.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. શહેરમાં ૨૬ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ અત્યાર સુધીનું સૌથી વધુ ૩૪.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. એ પહેલાં ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટના વડા કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, તીવ્ર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો અભાવ દિલ્હી અને દેશના ઉત્તર પશ્ચિમ ભાગમાં વહેલી ગરમી પડવાનું મુખ્ય કારણ છે.

## સંસદના ૧૩ સાંસદોને સંસદ રત્ન એવોર્ડ ૨૦૨૩ માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી પાંચ સાંસદો રાજ્યસભાના અને આઠ સાંસદો લોકસભાના છે

નવીદિલ્હી,

ડો. અબ્દુલ કલામ આજે નથી પણ એમને જે પરંપરા આપી છે એ ભારત આજે પણ નિભાવી રહ્યું છે. કલામને ભારતના મિસાઈલમેન કહેવામાં આવે છે. આજે કલામની સલાહ પ્રમાણે ભારતે શરૂ કરેલા સાંસદ રત્ન એવોર્ડની જાહેરાત થઈ છે. જેમાં સંસદના ૧૩ સાંસદોને સંસદ રત્ન એવોર્ડ ૨૦૨૩ માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી પાંચ સાંસદો રાજ્યસભાના અને આઠ સાંસદો લોકસભાના છે. જેમાં સંસદના કાર્યકાળ દરમિયાન સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા સાંસદોનો સમાવેશ કરવામાં આવે છે. આ સાંસદોને પ્રોત્સાહન આપવાનું કામ છે. જેમાં સાંસદમાં થયેલી કામગીરીને બિરદાવામાં આવે છે. કલામે આ પરંપરા શરૂ કરવાની સલાહ આપી હતી અને સરકારે એ નિભાવી હતી. જે સાંસદોને એવોર્ડ માટે પસંદ કરાયા છે તેમાં સીપીઆઈ (એમ)ના રાજ્યસભાના સાંસદ જોન બ્રિટ્સ, આરજેડીના સાંસદ મનોજ જ્હા, એનસીપીના સાંસદ ફૌઝીયા અહેમદ ખાન, સમાજવાદી પાર્ટીના નેતા વિશ્વંભર પ્રસાદ, કોંગ્રેસના નેતા છાયા વર્મા, અધીર રંજન ચૌધરી, કુલદીપ રાય શર્મા, ભાજપના વિદ્યુત બરન મહતો, ડો. સુકાંત મજૂમદાર, વિજયકુમાર ગવિત, ગોપાલ શેટ્ટી, સુધીર ગુપ્તા અને એનસીપીના ડો. અમોલ રામસિંહનો સમાવેશ થાય છે. જેમાં ગુજરાતના એક પણ સાંસદોનો સમાવેશ થયો નથી.

કલામે ખુદ પણ વર્ષ ૨૦૧૦માં ચેન્નઈમાં આ એવોર્ડના પ્રથમ તબક્કાનો પ્રારંભ કર્યો હતો. અત્યાર સુધીમાં કુલ ૯૦ સાંસદોને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી ચુક્યા છે. જેમાં સત્તાધારી અને વિપક્ષ એમ બન્નેના સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંસદીય બાબતોના મંત્રી અર્જુન રામ મેઘવાલ અને પૂર્વ ચૂંટણી કમિશનર ટીએસ ક્રિષ્નમૂર્તીની જ્યૂરી કમિટી દ્વારા આ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. જે સાંસદોને આ એવોર્ડ માટે પસંદ કરાયા છે તેમાં કોંગ્રેસના કેટલાક સાંસદોનો પણ સમાવેશ થાય છે.

## કેનેડામાં સ્ટડી પરમીટ અંગે ફેડરલ કોર્ટે આપ્યો મોટો ચુકાદો : લાખો ભારતીય છાત્રોને ફાયદો થશે

નવીદિલ્હી,

છેલ્લા ઘણા સમયથી ભારતીય વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા હોટ ફેવરીટ બન્યું છે. તાજેતરમાં ફેડરલ કોર્ટે કેનેડામાં સ્ટડી પરમીટ અંગે એક મહત્વનો ચુકાદો આવ્યો છે જેનાથી કેનેડા અભ્યાસ કરવા જઈ રહેલા લાખો વિદ્યાર્થીઓને ફાયદો થશે. ફેડરલ કોર્ટે તાજેતરમાં આપેલા એક કેસના ચુકાદા મુજબ કેનેડામાં અભ્યાસની પરમીટની અરજી માટે અરજી કરવા પાત્ર બનવા માટે તેમની ટ્યુશન ફી સંપૂર્ણ અથવા અમુક ભાગ ચુકવવાની જરૂર નથી. ફેડરલ કોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જરૂર પડયે ટ્યુશન અને અન્ય ખર્ચાઓ ચુકવવાની તેમની ક્ષમતા સાબિત કરી શકે છે ત્યાં સુધી તેમને સ્ટડી પરમીટ માટે અરજી કરવા માટે આમંત્રિત કરી શકાય છે અને અરજીના સબમિશન તબકકા દરમિયાન અનપેઈડ ટ્યુશન માટે દંડ કરવામાં નહીં આવે. આ ચુકાદો ઈરવીના એક વિદ્યાર્થીના કેસ (તહેરાની વિરૂધ્ધ કેનેડા) સાથે સંબંધિત હતો જેમાં ટ્યુશનની ચુકવણી ન કરવાને કારણે ઈમીગ્રેશન, રેફ્યુજી એન્ડ સીટીઝનશીપ કેનેડા આઈઆરસીસી દ્વારા વિદ્યાર્થીની સ્ટડી પરમીટ માટેની અરજી નકારી કાઢવામાં આવી હતી. આ ચુકાદો કેનેડામાં અભ્યાસ કરવા માગતા છાત્રો માટે એ મોટો અવરોધ દુર કરે છે જેવો અભ્યાસ પરમીટની અરજી સબમીટ કરે ત્યારે તેમના ટ્યુશનના તમામ કે તેના ભાગની ચુકવણી કરી શકતા નથી.

## મોરબી દુર્ઘટના : મૃતકના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા અને ઘાયલોના પરિવારને ૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા આદેશ

અમદાવાદ,

મોરબી બ્રિજ હોનારત કેસમાં આજે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં મોરબી દુર્ઘટના મામલે હાઈકોર્ટે વચગાળાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટે મૃતકોને ૧૦ લાખ ચુકવવાનો વચગાળાનો આદેશ કર્યો છે. તથા ઈજાગ્રસ્તોને ૨ લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો છે. દરેકને યોગ્ય વળતર મળશે તેવી નોંધ ગુજરાત હાઈકોર્ટે હુકમમાં લીધી હતી. મોરબીની ઘટનામાં જે બાળકોએ પોતાના માતા અને પિતા બંને ગુમાવ્યા હોય તેવા અનાથ બાળકોના નામની યાદી કોર્ટે માંગી છે. મોરબી દુર્ઘટના મામલે હાઈકોર્ટે વચગાળાનો આદેશ કર્યો છે. પ્રતિ વ્યક્તિ મૃતકોને ૧૦ લાખ ચુકવવાનો વચગાળાનો આદેશ આપ્યો છે. તેમજ ઘાયલોને ૨ લાખ ચુકવવાનો વચગાળાનો આદેશ કર્યો છે. રાજ્યમાં અન્ય નબળા બ્રીજ મામલે સરકારને બે અઠવાડિયામાં પોલીસી બનાવે તેવુ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું. મોરબીમાં ઝૂલતો બ્રિજ તૂટી પડવા મામલે જે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન જયસુખ પટેલે દરેક મૃતકને ૫-૫ લાખ આપવાની તૈયારી દર્શાવી હતી. જયસુખ પટેલના વકીલે કોર્ટમાં કહ્યુ હતું કે, અમારી અમુક મર્યાદા છે. હાલ પૂરતું વચગાળાનું વળતર આપી શકીએ તેમ છીએ. ત્યારે હાઈકોર્ટે કહ્યું કે, વકીલ તરીકે તમારી મર્યાદા હોઈ શકે છે. અમે ગઈકાલે જ આ અંગે સ્પષ્ટ કર્યુ હતું. આ તો અમે તમને તક આપવા માગતા હતા. વચગાળાના વળતર અંગે અમે હુકમ કરી રહ્યા છીએ.

## આજથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ, ૨૪ ફેબ્રુઆરીને ભૂપેન્દ્ર પટેલ સરકારનું બીજું બજેટ રજૂ થશે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આવતીકાલ તારીખ ૨૩ ફેબુઆરીના રોજ પ્રારંભ થશે. આ સત્રની શરૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી શરૂ થશે. બજેટ સત્રના પ્રારંભે સૌ પ્રથમ દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ અપાશે અને ત્યારબાદ બપોરે રાજ્ય સરકાર ગુજરાત જાહેર પરીક્ષા વિધેયક ૨૦૨૩ ગૃહમાં રજૂ કરશે. પેપરલીક વિરોધી બિલને રાજ્ય સરકાર સર્વાનુમતે પસાર કરવાનો પ્રયાસ કરી શકે છે. તો બજેટ સત્ર દરમિયાન ૨૪ ફેબ્રુઆરીએ ભૂપેન્દ્ર પટેલ સરકાર પોતાનું બીજુ બજેટ રજૂ કરશે અને નાણાપ્રધાન કનુ પટેલ વિધાનસભામાં નાણા પ્રધાન તરીકે બીજું બજેટ રજૂ કરશે. તો ૨૯ માર્ચ સુધી બજેટ સત્ર ચાલશે, જ્યારે બજેટ સત્રમાં બિનઅધિકૃત વિકાસ નિયંત્રણ સુધારા વિધેયક ૨૦૨૩ પણ રજૂ કરવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાતીઓની નજર આ બજેટ ઉપર રહેશે કે બહુમતી સાથે સત્તામાં આવ્યા બાદ ભૂપેન્દ્ર પટેલની સરકાર ગુજરાતીઓ માટે બજેટ ૨૦૨૩-૨૪માં નવું શું લઈને આવશે. ખાસ કરીને ખેડૂતો માટે, શિક્ષણ માટે, પ્રવાસન માટે , રોજગારીની યોજનાઓ , મૂડીરોકાણ અંગે બજેટમાં શું નવું આપવામાં આવે છે. ગુજરાત વિધાનસભામાં નાણાં પ્રધાન કનુ દેસાઈ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩નું ૫૬૦કરોડની પુરાંતવાળુ અંદાજપત્ર રજૂ કર્યુ હતું. જેમાં ગુજરાતમાં ૧૨૦૦૦ સુધીનો પગાર મેળવનારાઓને વ્યવસાયવેરામાથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૧-૨૦૨૨ની સરખામણીએવર્ષ ૨૦૨૨-૨૦૨૩ના બજેટમાં નાણાકીય ફાળવણી વધુ કરાઈ હતી. ગત વર્ષે નાણાંપ્રધાન કનુભાઈ દેસાઈ તેમની કારકિર્દીનું પ્રથમ બજેટ, ગુજરાત વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કર્યુ હતું. જેમાં નાણાકીય વર્ષના અંતે રૂપિયા ૫૬૦.૦૯ કરોડની પુરાંત રહેવાનો અંદાજ રાખવામાં આવ્યો હતો.

## જાતિગત વસ્તી ગણતરી કરાવવાને લઈ ૨૪ ફેબ્રુઆરીથી રાજયવ્યાપી અભિયાન

### પાંચ માર્ચ સુધી વારાણસી, સોનભદ્ર, મિર્ઝાપુર ભદોહી અને પ્રયાગરાજ જીલ્લામાં બ્લોક સ્તરીય સેમિનાર આયોજિત કરવામાં આવશે

લખનૌ,

કેન્દ્ર સરકાર પર જાતિગત વસ્તીગણતરી કરાવવાનું દબાણ બનાવવા માટે સમાજવાદી પાર્ટી પુરી તૈયારીમાં છે.આ મુદ્દાને લઈ સપા ૨૪ ફેબ્રુઆરીએ રાજયવ્યાપી અભિયાન શરૂ કરશે.સમાજવાદી પાર્ટી વારાણસીથી આ અભિયાનની શરૂઆત કરતા રાજયના તમામ ૮૨૨ બ્લોકમાં જાહેરસભા કરશે લોકસભા ચુંટણી પહેલા પાર્ટીના આ અભિયાનને એક મોટા રાજનીતિ અભિયાન તરીકે જોવાઈ રહી છે.

સપા નેતૃત્વે પ્રચાર અભિયાન ચલાવવાની જવાબદારી પાર્ટીના ઓબીસી વિભાગના પ્રદેશ અધ્યક્ષ રાજપાલ કશ્યપને સોંપી છે.પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ અને સ્વામી પ્રસાદ મૌર્ય આ અભિયાનની શરૂઆત કરશે.ઓબીસી નેતા સ્વામી પ્રસાદ મૌર્ય તાજેતરમાં રામચરિતમાનસ પર પોતાની ટીપ્પણી માટે ચર્ચામાં રહ્યાં છે.તેમણે હિન્દુ મહાકાવ્યને ઓબીસી,દલિતો અને મહિલાઓ પ્રત્યે અપમાનજનક બતાવી હતી.જો કે બાદમાં સપા જાતિગત વસ્તી ગણતરીની પોતાની માંગને લઈ પોતાની માંગને લઈ આક્રમક જોવા મળી રહી છે.જયારે ભાજપે મૌર્યની વિરૂધ્ધ કાર્યવાહીની માંગ કરી તો સપા નેતૃત્વે તેમને પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી નિયુકત કર્યા હતા.

સપાના અભિયાનની જવાબદારી સંભાળી રહેલ ઓબીસી સેલના પ્રદેશ અધ્યક્ષ રાજપાલ કશ્યપે જણાવ્યું હતું કે મૌર્ય જાતિ વસ્તી ગણતરી પર સેમિનારને પણ સંબોધિત કરશે.કશ્યપે કહ્યું કે હું પહેલા તબક્કામાં સેમિનારને સંબોધિત કરીશ.બાદમાં અન્ય તબક્કામાં અન્ય નેતા અભિયાનમાં સામેલ થશે.

રાજપાલ કશ્યપે માહિતી આપી હતી કે પહેલા તબક્કામાં જે પાંચ માર્ચ સુધી વારાણસી,સોનભદ્ર,મિર્ઝાપુર ભદોહી અને પ્રયાગરાજ જીલ્લામાં બ્લોક સ્તરીય સેમિનાર આયોજિત કરવામાં આવશે વારાણસીથી અભિયાન શરૂ કરવાના નિર્ણય પર કશ્યપે કહ્યું કે વડાપ્રધાન મોદીની પાસે જાતિગત વસ્તી ગણતરીનો આદેશ આપવાની શક્તિ છે અને તેના માટે અભિયાન તેમના નિર્વાચન ક્ષેત્રથી શરૂ થશે.વારાણસી પૂર્વી ઉત્તરપ્રદેશમાં આવે છે જયાં ઓબીસી સંખ્યાત્મક રીતે મહત્વપૂર્ણ છે અને ચુંટણી રૂપે પણ નિર્ણાયક ભૂમિકા નિભાવે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# વિદેશીદારૂ ભરેલ ફોર વ્હીલર સહિત ૩,૫૨,૮૦૪નો મુદ્દામાલ પકડી પાડતી બાલાસિનોર ટાઉન પોલીસ



બાલાસીનોર,

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા બાલાસિનોર ટી જંકશન ચોકડી ખાતે ભારતીય બનાવટનો વિદેશીદારૂ બીચર ભરેલ ફોર વ્હીલ કાર સહિત કિંમત રૂપિયા ૩,૫૨,૮૦૪- નો મુદ્દામાલ પકડી પાડી ગણનાપાત્ર કેસ શોધતી બાલાસિનોર ટાઉન પોલીસ.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પંચમહાલ ગોધરા રેન્જ તથા પોલીસ અધિક્ષક ,રાકેશ બારોટ મહીસાગર જીલ્લા તેમજ નાયબ પોલીસ અધિક્ષક પી.એસ.વળવી, લુણાવાડા વિભાગ લુણાવાડા નાઓએ જીલ્લામાં પ્રોહીબીશન/જુગાર તથા નશીલા માદક દ્રવ્યોની પ્રવૃતિ આચરતા ઈસમો ઉપર રેઈડ કરી અસરકારક પરીણામલક્ષી કામગિરી કરવા સુચના આપેલ જે સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.એન.નિનામા નાઓએ બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનનાં અધિકારી તેમજ કર્મચારીઓને પ્રોહીબીશનની હેરાફેરી કરતા તથા જુગારની પ્રવૃતિ ચાલતી સંભવિત જગ્યાઓ તથા પ્રોહી બુટલેગર ઉપર વોચ રાખી રેઈડો કરવા સુચના કરેલ.

જે સુચના અન્વયે આજરોજ તા.૨૨/૨/૨૦૧૩ નાં રોજ પો.સબ.ઈન્સ સી.કે.સીસોદીયા તથા એ.એસ.આઇ દેવેન્દ્રસિહ નટવરસિંહ તથા આ.પો.કોન્સ હાર્દીકસિહ રાજેન્દ્રસીહ તથા આ.પો.કો દીનેશભાઇ ભલાભાઇ વિગેરે પોલીસ સ્ટાફનાં માણસો સાથે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ દરમ્યાન બાલાસિનોર ટી જંકશન ખાતે વાહન ચેકીંગમાં હતા. તે દરમ્યાન હોન્ડા અમેઝ કાર નંબર જી.જે.૦૧.આર.એ.૪૫૧૭ ની આવતા તે શંકાસ્પદ જણાતા જે ગાડીને અટકાવી તેમાં તપાસ કરતા ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ તથા બીચરનાં ટીનનો જથ્થો મળી આવતા તે ગાડીનાં ચાલક અજય યાસીન ખાં ભાટી રહે.પ્લોટ નંબર-૧૭ ગણેશનગર-૧ જાનજયોતી પ્રાથમીક શાળા પાસે મુરલીપુરા સ્કીમ જયપુર (રાજસ્થાન) તથા વિનોદ સોમાભાઈ પગી રહે. દેદાવાડા તા.કડાણા જી.મહીસાગર નાઓ પોતાના કબ્જાની ઉપરોકત હોન્ડા અમેઝ ગાડીમાં ભારતીય બનાવટની પર પ્રાન્તીય વિદેશી દારૂ તથા બીચર ટીનની પેટીઓ ૪૭ જેમાંની નાની મોટી કાચની કંપની સીલ લેબલ વાળી બોટલો તથા ટીન બિચર કુલ ૧૫૪૮ નંગ કીમંત રૂપિયા ૧,૯૧,૨૮૦/- તથા ગાડી ની કીંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૩ કીંમત રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ્લે રૂ.૩,૫૨,૨૮૦/- ના મુદ્દામાલ ભરી જે મુદ્દામાલ સહ આરોપી નંબર-૩ મુકેશભાઈ રહે. લુણાવાડા તા. લુણાવાડા, જી. મહીસાગર નાઓએ વેચાણ અર્થે મંગાવી તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણાંમાં રહી ગુન્હો આચરેલ હોય ઉપરોકત પ્રોહી મુદ્દામાલ પકડી પાડી ઉપરોકત તમામ ઈસમો વિરૂધ્ધ બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# વિરપુરના ગ્રામ્ય વિસ્તારો પાસેની ઘટના : ખેત મજૂરી કરી રહેલા બે ખેડૂત ઉપર ભૂંડે અચાનક હુમલો કર્યો

મલેકપુર,

વિરપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખેતરોમાં નીલગાય, રોઝ, ભુંડ વગેરેનો ત્રાસ વધી રહ્યો છે અને આ પ્રાણીઓ દ્વારા ખેડુતોના પાકને પણ મોટાપાયે નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ત્યારે તાલુકાના બાદરપુરા, સવાનિયા ગામ પાસે ખેતરમાં ભુંડોના આતંકથી ખેડુતોમાં ફફડાટ ફેલાઈ ગયો છે અને ત્રણ જેટલા ખેડુતને ભુંડોએ બચકાં ભરતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ તાલુકાના અનેક ખેડુતો પોતાની જમીનમાં પાકોનું વાવેતર કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે





આ ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાં નીલગાય, રોઝ, ભુંડનો ત્રાસ વધી રહ્યો છે, જેના કારણે ખેડુતોના પાકને મોટાપાયે નુકશાન પણ થઈ રહ્યું છે અને આવા પ્રાણીઓના ત્રાસથી ખેડુતો ખેતરમાં જતાં પણ ડર અનુભવી રહ્યાં છે. ત્યારે સવનિયા અને બાદરપુરા ગામ પાસે ભુંડોએ આતંક મચાવ્યો હતો. જેમાં ખેડુત મોહનભાઈ હિરાભાઇ ખાંટ રહે.બાદરપુરા અને બળવંતભાઈ મણીભાઈ ખાંટ રહે સવનિયાને ભુંડ દ્વારા બચકાં ભરી લોહીલુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે પરિવારજનો સહિત આસપાસના લોકોને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ખેડુતને સારવાર અર્થે વિરપુર સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ડેભારી, કોયડમ, ગુદિનામુવાડા, ભાટપુર, વધાસ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં નીલગાય, રોઝ, ભુંડ સહિતના જાનવરોનો ત્રાસ વધી રહ્યો છે. ત્યારે આવા જાનવરોને તાત્કાલીક ઝડપી પાડવાની તંત્ર સામે લોકમાંગ ઉઠવા પામી છે.

# ઝાલોદ તાલુકાના લીમડી ખાતે આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા ૨૩મી ફેબ્રુઆરીએ ભવ્ય ભજન સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી ખાતે પરમ પૂજ્ય માતાજી નિર્મલા દેવી સહજ્યોગ ટ્રસ્ટ આયોજિત આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા ૨૩મી ફેબ્રુઆરીએ ભવ્ય ભજન સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું. બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી મુકામે યોજવામાં આવેલ છે. જેમાં ૪૦ જેટલા વિદેશી સહજ્યોગી કલાકારો દ્વારા પ્રસ્તુત ભારતીય સાંસ્કૃતિક કાર્યક્રમ સહજ્યોગી પરિવાર દ્વારા આયોજિત કાર્યક્રમ લીમડી ખાતે યોજવામાં આવેલ છે. ભારતમાં આવતાં ૪૦ થી વધુ કલાકારો ભારતીય શાસ્ત્રિય સંગીત, વાદ્ય સંગીત અને શાસ્ત્રીય નૃત્ય દ્વારા યોગ અને ધ્યાન સાથે આત્મ સાક્ષાત્કારનો અનુભવ કરાવશે. આ તમામ સાધકો પોતાના ખર્ચે ભારત આવ્યા છે. તમામ સાધકો અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલા છે અને સક્રિયપણે કાર્ય કરી રહ્યા છે. આમાં ડોક્ટરો, એન્જિનયરો, સંગીતકારો, શિક્ષકો, ગાયકો વગેરેનો સમાવેશ થાય છે. જેઓ બે મહિનાના પોતાના વ્યસ્ત કામ માંથી સમય કાઢીને યોગધારા કાર્યક્રમ દ્વારા જનજાગૃતિ ફેલાવવા ભારતમાં રહે છે. આ સાધકો ઇટાલી, જર્મની, કેનેડા, રોમાનિયા, હંગેરી, તાઈવાન, ઓસ્ટ્રેલિયા, રશિયા, યુકે, લંડન, ફ્રાન્સ, આયર્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, ચેક રિપબ્લિક, નેધરલેન્ડ, દક્ષિણ આફ્રિકા જેવા દેશો માંથી ભારત પહોચ્યા છે. યોગધારા ભારતના ૧૩ રાજ્યોના ૩૩ અલગ અલગ શહેરોમાં ૪૦ કાર્યક્રમોનું આયોજન કરશે. યોગધારા કાર્યક્રમ ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ થી ૨૩ માર્ચ ૨૦૨૩ દરમિયાન યોજાશે.૨૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ, ઉતરાખંડ, ચંદીગઢ, રાજસ્થાનમાં કાર્યક્રમો યોજાયા છે

સહજયોગ સંથનો પરિચય...માતાજી નિર્મલાદેવી દ્વારા ૧૯૭૦ માં સ્થાપિત સહજયોગ કોંનગ્રિટીવ સાઈન્સ પર આધારિત યોગ છે. તેના સાધકો સહજ્યોગ ધ્યાન પ્રચાર માટે વિશ્વભરમાં કાર્યરત છે. સહજયોગ માનવજાતિના હીત માટે ૧૪૦થી વધુ દેશોમાં કાર્યરત એન.જી.ઓ.છે.

અમદાવાદમાં પણ સહજ્યોગના પાંચથી વધુ ધ્યાન કેન્દ્રો કાર્યરત છે.સહજ્યોગ ધ્યાન સંસ્થાન ''યોગધારા'' નામના કાર્યક્રમની યજમાની કરી રહી છે. જેનો ઉદ્દ્શય લોકોને યોગનો પ્રકાશ બતાવવાનો છે

ઝાલોદ તાલુકાના લીમડી ખાતે પરમ પૂજ્ય માતાજી નિર્મલા દેવી સહજ્યોગ ટ્રસ્ટ આયોજિત આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા ૨૩મી ફેબ્રુઆરીએ ભવ્ય ભજન સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું. બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી મુકામે યોજવામાં આવેલ છે. જેમાં ૪૦ જેટલા વિદેશી સહજ્યોગી કલાકારો દ્વારા પ્રસ્તુત ભારતીય સાંસ્કૃતિક કાર્યક્રમ સહાજ્યોગી પરિવાર દ્વારા આયોજિત સંગીત, નૃત્ય, આત્મસાક્ષાત્કાર અને ધ્યાનનું જાહેર કાર્યક્રમ લીમડી ખાતે ૨૩-૦૨-૨૦૨૩ પૂર્વ સાંજે ૭.૦૦.ક થી ૧૦.૦૦ કલાક સુધી યોજવામાં આવેલ છે. સહજ્યોગ પરિવાર દ્વારા આપ તમામ લોકોને પધારવા ભાવ ભર્યુ આમંત્રણ આપવામાં આવે છે.

# બાળ લગ્ન એક અભિશાપ : બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લા માં બાળ લગ્ન નાબૂદ કરવા અંગે અગાઉ જાહેર સમાચાર પત્રો માં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી દ્વારા લોકોને આહ્વાન કરવામાં આવેલ. તેનાથી પ્રેરિત થઈ એક જાગૃત નાગરિક દ્વારા ફતેપુરા તાલુકાના પાટવેલ ગામમાં સંભવિત બાળ લગ્ન અંગે જાણ કરેલ. બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન અને સુચનો થી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને તેમની ટીમ તથા પી. એસ. આઈ. જી.કે.ભરવાડ અને તેમની ટીમે એક બીજાના સહયોગ થી સ્થળ મુલાકાત કરી સંભવિત બાળ લગ્ન અટકાવવાની કામગીરી કરેલ. વિગતવાર અહેવાલ મુજબ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ભાવરા ગામના રહેવાસી વિજયભાઈ વલ્લભભાઈ કરકર, ફતેપુરા તાલુકાના પાટવેલ ગામની સગીર કન્યા સાથે સંભવિત બાળ લગ્ન માટે આવવાના હતા. સગીર કન્યાની જાન સંભવિત લગ્નના સ્થળે પહોંચે તે પહેલા જ બાળ લગ્ન પ્રતિબંધક ટીમ એ સ્થળ પરથી સગીર કન્યાના પિતા અને માતાનું સંપર્ક કરી સદર બાળકીના ઉંમરના પુરાવા અંગે પૃચ્છા કરેલ ઉમરના પુરાવા ચકાસતા બાળકી, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ ની જોગવાઈ મુજબ સગીર વયની છે. તેવું જાણવા મળેલ ટીમ દ્વારા તાત્કાલિક બાળકીનું રેસ્ક્યુ કરી અને તેના માતા-પિતાની અટક કરી ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવા લઈ આવેલા. સગીર બાળકીના વાલી વિરૂદ્ધ બાળ લગ્ન અટકાયતી પગલાંની કાર્યવાહી કરવામાં આવેલ. બાળકીનું રેસ્કયું કરી બાળકીને બાળ કલ્યાણ સમિતિનાં ચેરમેન નરેન્દ્રભાઈ સોની સમક્ષ રજુ કરવાની તજવીજ પૂર્ણ કરેલ અને જુવેનાઈઝ જસ્ટીસ એકટ ૨૦૧૫ સુધારા અધિનિયમ ૨૦૨૧ મુજબ બાળકનાં શ્રેષ્ઠ હિત ને ધ્યાને લઈ બાળકીને કુટુંબમાં પુનઃસ્થાપન કરેલ છે.

# સરકારી ઈજનેરી કોલેજ દાહોદ ખાતે આધુનિક ઔદ્યોગિક ટેકનોલોજીની પ્રસ્તુતિ અને નિદર્શન



દાહોદ,

આ કાર્યક્રમમાં મનીષ જોશી, જનરલ મેનેજર, સાઇન્ટેક ટેકનોલોજી, ઈન્દોર, દ્વારા આધુનિક ઔદ્યોગિક ટેકનોલોજી વિષયે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે આધુનિક ટેકનોલોજી જેવી કે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ઈન્ડસ્ટ્રી ૪.૦, સેન્સર નોડ અને પાવર સિસ્ટમ, વિગેરે વિષે દ્રશ્ય-શ્રાવ્ય માદયમ દ્વારા ખૂબ સરળ સમજૂતી આપી. ત્યાર બાદ અલગ-અલગ જરૂરિયાત માટે ઉપલબ્ધ તકનીકી શિક્ષણ માટે ઉપયોગી વિવિધ પ્રેક્ટિસ કીટનું નિદર્શન કર્યું. આ કાર્યક્રમમાં સરકારી ઈજેનરી કોલેજના ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ તથા ૧૭ જેટલા અદ્યાપકોએ ભાગ લીધો હતો.

ઈન્સ્ટીટ્યુટ ઈનોવેશન કાઉન્સિલ અંતર્ગત યોજાતી વિવિધ પ્રવૃત્તિ સબબ આ કાર્યક્રમનું આયોજન સદર કાઉન્સિલના પ્રેસિડેન્ટ ડો.ડી.બી. જાની દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારી ઈજનેરી કોલેજના કાર્યકારી આચાર્ય ડો.પી.બી. ટેલર તથા અન્ય અદ્યાપકગણે પણ ખૂબ રસ દાખવી હાજર રહેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.બી.એમ. પરમાર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિરપુરના કદમખંડી ખાતે ફાગના કાર્યક્રમમાં ભમરાઓના ડંખથી ૪૦ લોકો ઈજાગ્રસ્ત થયા



વિરપુર,

વિરપુર ખાતે આવેલી કદમખંડી ખાતે ફાગનો કાર્યક્રમ દરમ્યાન ભમરાઓએ ડંખ મારતા તમામ લોકોને વિરપુર સીએચસી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વિરપુરના રસુલપુર કદમખંડી ખાતે દર વર્ષે ફાગનો કાર્યક્રમ યોજાય છે. ત્યારે આ વર્ષે પણ ફાગનો કાર્યક્રમ યોજાયો હતો. તે દરમ્યાન ભમરાઓનું ઝુંડ અચાનક આવી લોકોને કરડયા હતા. કાર્યક્રમમાં જેમાં ૨૦૦ થી ૩૦૦ માણસ એકઠું થયું હતું. તે દરમિયાન ભમરાઓનુ ઝુંડ અચાનક ઉડવા લાગ્યું હતું. જેના કારણે ફાગના કાર્યક્રમમાં નાસભાગ મચી ગઈ હતી. જોતજોતામાં કાર્યક્રમ હાજર લોકો ઉપર ભમરાઓ ટુટી પડ્યા હતા. તે સમયે વૃધ્ધો સહિત સૌ કોઈ પોતાનો જીવ બચાવવા મુઠ્ઠીઓ વાળીને નાઠા હતા. ત્યારે આ ઘટનાને લઈને ૧૦૮ની મદદથી ભમરાઓ કરડયા હોય તેવા તમામ વ્યક્તિઓને વિરપુર ખાતે આવેલી સીએચસીમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૪૦ જેટલા લોકોને ભમરાઓએ ડંખ માર્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ઝાલોદ નગરમાં યોજાયેલ સિટીવોક પ્રચારના અભાવે ફિક્કી જોવા મળી




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

G-20 સમિટ ૨૦૨૩ નિમિત્તે ઝાલોદ નગરપાલિકા દ્વારા આજરોજ સિટીવોકનુ આયોજન કરવામાં આવ્યું હતું. G-20 સિટીવોક બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સરદાર પટેલનાં સ્ટેચ્યુને ફૂલમાળા પહેરાવી ચાલુ કરવામાં આવી હતી. આ સિટીવોક સરદાર પટેલ સર્કલ થી આંબેડકર ચોક, ખાંટવાડા, વ્હોરા બજાર, વડબજાર થઈ ભરત ટાવર પર પૂરી કરવામાં આવી હતી.

નગર પાલિકા દ્વારા ફિક્કા પ્રચારને લઈ નગરના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ તેમજ બે-ત્રણ આગેવાનો અને નગર પાલિકાનો ગણતરીનો સ્ટાફ જ ઉપસ્થિત રહ્યો હતો. નગર પાલિકાના ચીફ ઓફિસર પણ ગેરહાજર જોવા મળ્યા હતા. તેમજ નગર પાલિકાના કાઉન્સિલરોમાં ફક્ત એક કાઉન્સિલરની જ હાજરી જોવા મળતી હતી. આ સિટીવોકમાં પૂર્વ પાલિકા પ્રમુખ અગ્નેશ પંચાલ, નગર પાલિકા કાઉન્સિલર બટુલ ડામોર, નરેન્દ્ર જૈન, ઈકબાલ ગુડાલા તેમજ નગર પાલિકાના સ્ટાફમાં ત્રણ થી ચાર જણા અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ થઈ ૫૦ જેટલા લોકોની સૂચક હાજારી જોવા મળતી હતી. નગરમાં ફિક્કા પ્રચારના અભાવે નગરના નાગરિકોએ પણ સિટીવોકમાં ભાગ લીધો હતો નહીં.

# દાહોદના ખરોડ ગામે મકાન પર ઘરકામ કરતાં ૩૫ વર્ષીય શ્રમિક અકસ્માતે પડી જતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે એક માળના મકાન પર કામ કરી રહેલા ૩૫ વર્ષીય શ્રમિકનો પગ અકસ્માતે લપસી જતાં ઉંધા માથે જમીન પર પટકાતા તેને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં લાવતા સારવાર મળે તે પહેલા જ તેને દમ તોડી દેતા તેના પરિવારમાં માતમ છવાયો છે.

દાહોદ તાલુકાના ખરોડ ગામે એક માળના મકાન પર કામ ચાલતું હતું તે કડિયા કામ દાહોદ તાલુના બોરવાણી ગામના ખાયા ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય શ્રમિક રાજુભાઈ ડામોર પોતે કરી રહ્યો હતો. તે સમયે રાજુભાઈ ડામોરનો પગ અચાનક લપસી જતાં તે ઉંધા માથે જમીન પર પટકાયો હતો જેથી તેના માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતાં જ મકાન માલિક તથા રાજુભાઈ ડામોરના સાથે કામ કરવાવાળા મિત્રો દોડી આવ્યા હતા. રાજુભાઈને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવતાં રાજુભાઈને સારવાર મળે તે પહેલા રાજુભાઈનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે સ્થાનીક પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા કાપડી વિસ્તારમાં આવેલ સસ્તા અનાજના દુકાનદાર અનાજ ન આપવામાં આવતું હોવાની મામલતદારને રજુઆત

દે.બારીયા,

દેવગઢ બારીયા શહેરના કાપડી વિસ્તારમાં આવેલ નસીબ મહિલા મંડળ સરકારી વ્યાજબી ભાવની દુકાનદાર દ્વારા અનાજ પૂરૂં આપવામાં આવતું નથી. જેવા અનેક સવાલોને લઈ દેવગઢ બારીયા મામલતદારને લેખીત રજુઆત કરવામાં આવી. દેવગઢ બારીયા શહેરમાં આવેલ કાપડી પીઠા વિસ્તારમાં આવેલ નસીબ મહિલા મંડળ સરકારી વ્યાજબી ભાવની દુકાન આવેલ છે. જે દુકાનદાર દ્વારા રેશન કાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ પૂરૂં આપવામાં આવતું નથી અને મહિનાની છેલ્લી તારીખમાં એટલે કે ૫ થી ૭ દિવસ બાકી હોય ત્યારે અનાજનો જથ્થો લાવી. અંગુઠા મુકવા બોલાવતા હોય છે. જેમાં વધારે રેશન કાર્ડ ધારકો હોવાથી લોકોની લાઈનો લાગતી હોય છે. જે ગરીબ લોકોને બેસવાની કોઈ વ્યવસ્થા નથી. ગરમી, વરસાદ, ઠંડી હોય તો પણ ચાર થી પાંચ કલાકો સુધી લોકોને હેરાન કરવામાં આવતા હોય અને વજન કાંટો કોમ્પ્યુટર રાખવામાં આવે છે. જેના કારણે ગરીબ અને અભણ હોય જેથી અનાજ ઓછું આપવામાં આવતું હોય છે. જે અનાજ ઘરે અથવા કોઈ દુકાને વજન કરીએ છીએ ત્યારે ઓછું હોય જેથી દુકાનદારને કહેવા જતાં માનતા પણ નથી. આ તમામ બાબતોને લઈ અગાઉ પણ દેવગઢ બારીયા મામલતદારને લેખીત રજુઆત કરવામાં આવી હોવા છતાં આજ દિન સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે દુકાનદાર દ્વારા કાર્ડ ધારકોને વધુ હેરાન પરેશાન કરવામાં આવતા હોય છે અને લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહી નંબર આવવાના સમયે કહેતા હોય કે નેટ નથી. પકડતું સર્વર ડાઉન છે, મોડા અથવા કાલે આવજો તેમ કહી કાઢી મુકવામાં આવતા હોય છે અને પછી કહે કે મહિનો બદલાઈ ગયો હવે અનાજ ના મળે તો શું આ ગરીબોનું અનાજ સગેવગે કરવામાં આવે છે. તેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

# ગરબાડાના પાટીયા ગામની આંગણવાડીની લાલિયાવાડી સામે આવી

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પાટીયા ગામની આવેલા આઈસીડીએસ ઘટક-૨ની આંગણવાડી કેન્દ્રમાં ચાલતી લાલિયાવાડી સામે આવી છે. પાટીયા ગામની આંગણવાડી કેન્દ્ર-૨ પર તપાસ કરતા તેડાગર તેમજ આંગણવાડી કાર્યકર તેમજ એકપણ બાળક હાજર ન હતુ. અને આંગણવાડી કેન્દ્ર પણ બંધ હતુ. તેડાગરને આંગણવાડી કાર્યકર હાજર હતા કે કેમ તે અંગે પુછતા જણાવ્યુ હતુ કે, કાર્યકર બહેન અઠવાડિયામાં એક કે બે દિવસ જ આવે છે. બાળકો માટે ફળ ફુટ કે મરી-મસાલો અમુકવાર જ લાવે છે. લોકોએ જણાવ્યુ હતુ કે,આંગણવાડી કેન્દ્ર અઠવાડિયામાં અમુક જ દિવસે જ ખોલતા હોય છે. આ અંગે જયારે ગરબાડા આઈસીડીએસ ઘટક-૨ના આંગણવાડીના સીડીપીઓને વાકેફ કરવામાં આવ્યા ત્યારે તેમણે દોષનો ટોપલો આંગણવાડીના કાર્યકર બહેન અને તેડાઘર પર ઢોળી દીધો હતો. અને જણાવ્યુ હતુ કે, સુપરવાઈઝરને વિઝીટમાં મોકલીને સત્ય હકીકત શુ છે તેનો રિપોર્ટ લેવામાં આવશે.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે.

વૃષભ : આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્ક : આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગ તમને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે. વિરોધીઓને પરાજિત કરવામાં આવશે અને દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ કરવામાં આવશે. સફળતાની પ્રાપ્તિથી આનંદ થશે અને મન પ્રસન્ન રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે.

કન્યા : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે.

વૃશ્ચિક : આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાર્યમાં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે. આજે તમે રાત્રિનો થોડો સમય પરિવાર સાથે વિતાવશો અને નજીકમાં ક્યાંક ફરવા માટેની યોજના પણ બનાવી શકાય છે.

ધનુ : આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

મકર : આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો.

કુંભ : આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે અને આજે તમને તમારા કેટલાંક વિચારેલા કામ કરવામાં આનંદ થશે.

મીન : આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે.

# દાહોદ વોર્ડ-જની પંકજ સોસાયટીમાં સમસ્યાની ભરમાર પીવાના પાણીનો કકળાટ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ વોર્ડ નંબર-જ માં સમાવિષ્ટ પંકજ સોસાયટી ખાતે અનેક સમસ્યાઓની ભરમારથી સ્થાનીક સોસાયટીના રહીશો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. આ સોસાયટીમાં પીવાના પાણી માટે પણ કકડાળ થઈ રહ્યો છે. અનીયમીત મળી રહેલા પાવીના પાણીના કારણે પણ સ્થાનીક લોકોમાં ભારે રોષ ફેલાઈ રહ્યો છે. બીજી તરફ કેટલીક ગલીઓમાં પાણીનો ફોર્સ પણ બરાબર ન આવતો હોવાની બુમો ઉઠવા પામી છે. આ વિસ્તારમાં ગુજરાત ગેસ પાઈપ લાઈન દ્વારા ગેસ પાઈપ લાઈન નાંખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ મંથર ગતિએ ચાલતી આ કામગીરીને પગલે જ્યાં જુઓ ત્યાં રસ્તાઓ ખોદી નાંખવામાં આવતાં અને સમયસર હાલ સુધી પણ કામગીરી પુર્ણ કરવામાં ન આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આવી અનેક સમસ્યાઓથી આ સોસાયટીના રહીશો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ત્યારે સમગ્ર મામલે સ્થાનીક રહીશો દ્વારા પાલિકાના સત્તાધિશોને અને કાઉન્સીલરોને અનેકવાર રજુઆતો કરવા છતાંય આ સોસાયટીની સમસ્યાઓનું આજદિન સુધી નિરાકરણ કરવામાં ન આવતાં રહીશોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરના વોર્ડ નંબર-જમાં સમાવિષ્ઠ પંકજ સોસાયટીમાં આ સોસાયટીમાં સમસ્યાઓની ભરમાર હોવાથી સ્થાનીકો ત્રસ્થ થઈ ગયાં છે. કેટલીક ગળીઓમાં પાણીનો ફોર્સ આવતો નથી. જેને પાણીઓની ટાંકી ભરાતી ન હોવાને કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે. રખડતા પશુઓ અને સાંઢ વચ્ચે રોજ સાંજે આ વિસ્તારમાં કોઈને કોઈ ગલીઓમાં યુધ્ધ થાય છે. ઘણા વાહનોને નુકશાન થઈ ચુક્યું છે. ઓટલે બેસતા સીનીયર સીટીઝને ફરજીયાત લાકડીઓ લઈ બેસવું પડે છે. ગુજરાત ગેસ પાઈપ લાઈન દ્વારા ગેસ લાઈનની પાઈપ લાઈનની કામગીરી ચાલુ છે. કેટલાંય દિવસોથી ખાડા ખોદીને મુકી રાખવામાં આવ્યાં છે અને કામગીરી પુર્ણ કરવામાં આવી નથી. જેને કારણે કેટલાય અકસ્માત થઈ ચુક્યાં છે. કેટલાંય બાળકો અને લોકોને ઈજાઓ થઈ ચુકી છે. જવાબદારોનો સંપર્ક કરવા છતાંય તેઓ કોઈનો ફોન પણ ઉપડાવાની તસ્દી લેતાં નથી. પંકજ સોસાયટીની બીજા નંબરની ગલીમાં ત્રણ જગ્યાએ પાણીની પાઈપ લાઈનમાં લીકેજ છે, જેથી પાણી આવે ત્યારે આખા રોડ પર પાણી રેલાય છે. જેની ફરિયાદ પાલિકાના જાડી ચામડીના અધિકારીઓને કરવા છતાંય કોઈ નિરાકરણ આવતું નથી. નગર પાલિકાના ૦૪ માંથી ૦૩ કાઉન્સીલર કેટલાંક મહિનાઓથી ફરક્યા નથી. ૪ પૈકીના કોઈ એક કાઉન્સીલર બોલાવવામાં આવે ત્યારે ફરિયાદોનો નિકાલ કરવા આવે છે, પણ તેમના દ્વારા પણ કોઈ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું નથી અથવા તો પાલિકામાં તેમનું કોઈ સાંભળતું નથી તેમ લાગી રહ્યું છે. એક જગ્યાએ સ્ટ્રીટ લાઈટ મુકાવાની વાત મહિનાઓ પહેલા થઈ હતી પણ આજે પણ કોઈ સ્ટ્રીટ લાઈટ મુકાઈ શકી નથી. આ સોસાયટી નગર પાલિકાના પ્રમુખના વોર્ડમાં સમાવિષ્ટ છે, તેમ છતાંય દિવા તળે અંધારૂં હોય તેમ લાગી રહ્યું છે. બીજા નંબરની ગલીમાં ભુગર્ભ ગટરના ઢાંકળા પણ તુટી ગયાં છે. જેને પગલે અકસ્માતનો ભય પણ છે, તેની ફરિયાદો કરવા છતાંય કોઈ નિરાકરણ આવતું નથી. આજ વોર્ડના સંપ્પન્ન વિસ્તારોમાં જ્યારે કોઈપણ સમસ્યા સર્જાઈ છે. ત્યારે ગણતરીની મીનીટોમાં યુધ્ધના ધોરણે કામગીરી આરંભાઈ જાય છે, પરંતુ પંકજ સોસાયટીમાં સમસ્યાઓનો રાફડો ફાટ્યો હોવા છતાંય આંખ આડા કાન કેમ કરવામાં આવે છે. તે સંશોધનનો વિષય છે.

> દાહોદ શહેરમાં આવેલ પંકજ સોસાયટીમાં આંમ, જોવા જઈએ તો નેતાઓની ભરમાળ છે. પંકજ સોસાયટીમાં ભારતીય જનતા પાર્ટીના નગર પાલિકાના કાઉન્સિલર રહે છે. આ વોર્ડના નગર પાલિકાના પ્રમુખનો પણ વોર્ડ છે. જે વોર્ડ માંથી બિનહરીફ ચૂંટાયા છે. ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી પણ રહે છે. બીજી તરફ આપ પાર્ટીના પ્રદેશના હોદેદાર છે. નગર પાલિકાના માજી પ્રમુખ પણ રહે છે. રોટરી ક્લબ જેવી સંસ્થાના કાર્યકર પણ રહે છે. નગર પાલિકામાં કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારી પણ રહે છે. કોગ્રેસ પાર્ટીના પણ હોદેદારો રહે છે. તો આવા વોર્ડમાં રહેતા નાગરિકોને કોઈ પણ પ્રકારની તકલીફ પડવી જોઈએ.

# દેવગઢ બારીયા નગર પાલિકા શુક્રવારી હોકર્સ ઝોનમાં ૭૩ શેડની ઐતિહાસિક હરાજી યોજાઈ

દાહોદ,

દેવગઢ બારીયા નગર પાલિકા દ્વારા શુક્રવારી હોકર્સ ઝોન બનાવી ફોલ્ડિંગ શેડ વાળું માર્કેટ ડેવલોપમેન્ટ કરવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં પહેલા ફેસમાં કુલ ૨૨ શેડ તૈયાર થઈ ગયા હતા. જેને હરાજી પ્રથમ તબક્કામાં યોજાઇ હતી. જેમાં ૧૦ લાખ જેટલી આવક થઈ હતી. જ્યારે તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ નગર પાલિકા કોમ્યુનિટી હોલ ખાતે ૭૩ શેડની હરાજી યોજાઇ હતી. જે નગર પાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાઈ હતી. જેમાં ૪૦ લાખ ૬૦ હજારની આવક થઈ હતી. જેમાં નગરના ૭૧ જેટલા વેપારીઓએ પોતાને વેપાર ધંધો કરવા માટે શેડ લીધો હતો. દેવગઢ બારિયા નગર પાલિકા કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવી હતી. જેમાં ૫૦,૦૦૦ રૂપિયા ડિપોઝિટ ભરી બોલી બોલી શકાતું હતું. જેમાં દુકાન ભાડાની અપસેટ કિંમત રૂા.૩,૦૦૦ હતું. જેમાં ભાડાની હરાજી થતા વિવિધ વેપારીઓ અલગ અલગ ભાડાથી પોતાને મનગમતી શેડમાં હરાજી બોલી ઐતિહાસિક હરાજી થઈ હતી. જેમાં નગર પાલિકાની કુલ આવક ૪૦ લાખ ૬૦ હજાર ની ૧૧ માસની ઉપસ્થિત થઈ હતી. દેવગઢ બારીયા નગર પાલિકા આવકમાં વધારો થતા નગર પાલિકાની સ્થિતિ ખૂબ સુધારો થઈ જશે અને વેપારીઓને પણ એક નવું માર્કેટ પ્લેટફોર્મ ઉભુ કરવામાં આવ્યું છે. દેવગઢ બારીયા નગર પાલિકા માર્કેટ ૧૬૩ વેપારીઓની શેડ થી સજ્જ થશે. જેમાં વેપાર ધંધા અને શહેરી ફરિયાઓને રોજગારી મેળવવાની ઉત્તમતક નગર પાલિકા દ્વારા ઉભી કરવામાં આવી છે.



આ બાબતે દેવગઢ બારીયા નગર પાલિકા પ્રમુખ ડોક્ટર ચાર્મી સોની એ જણાવ્યું હતું કે, શુક્રવારે હોકર્સ ઝોનમાં એક બારીયા સૌથી મોટું માર્કેટ ઉભું થશે. જેનાથી વેપાર ધંધામાં લોકોનો વધારો થશે.

આ શુક્રવારી શેડમાં હાઈ મસ્ટ લાઈટ, સિક્યુરિટી ગાર્ડ, રોડ, આરસીસી પ્લેટફોર્મ, અંડર ગ્રાઉન્ડ ગટર, સુવિધાઓ નગર પાલિકા દ્વારા પૂરી કરવામાં આવશે તથા શુક્રવારી માંથી બસ સ્ટેન્ડ તરફ અને પાછળના ભાગે પણ નવીન રસ્તાઓનું આયોજન કરવામાં આવશે. આમ, દેવગઢ બારીયા નગર પાલિકા દ્વારા ૭૩ ફોલ્ડિંગ શેડની હરાજી કરતાં ૭૧ વેપારીઓએ કુલ ૪૦ લાખ ૬૦ હજારની રકમનું ભાડું બોલી નગર પાલિકાની આવકમાં વધારો કર્યો હતો.

આમ, દેવગઢ બારીયામાં વિકાસના કામો સાથે સાથે વેપારીઓ માટે હોકસ ઝોન પણ ઊભો કરવામાં આવ્યો.

# દે.બારીયા સરકારી હોસ્પિટલના OPDમાં એકપણ ડોકટર્સ હાજર ન રહેતા દર્દીઓ પરેશાન

દે.બારીયા,

દે.બારીયા સહિત બીજા ત્રણ તાલુકા જેવાં કે, ધાનપુર, લીમખેડા, સીંગવડ તાલુકાઓમાં મુખ્ય સરકારી મોટું હોસ્પિટલ હોવા છતાં તા.૨૨/૦૨/૨૦૨૩ના બુધવારના રોજ ૧૧.૧૫ કલાક સુધી સવારે એકપણ ઓ.પી.ડી.માં પેશન્ટોની તપાસણી માટે ડાંકટર દુર દુર સુધી જણાતા ન હતા. આ છે સ્વાસ્થ્ય વિભાગમાં ગંભીર બેદરકારી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.૨૨/૦૨/૨૦૨૩ના બુધવારના રોજ દે.બારીયાના સરકારી હોસ્પિટલની લાપરવાહી સામે ચડીને આવી હતી. સવારે ૧૧.૦૫ કલાક સુધી ગરીબ આદિવાસી તથા મધ્યમવર્ગના પેશન્ટ ઓ.પી.ડી.ના ત્રણ ટેબલો ઉપર રાહ જોતા હતા. પરંતુ ત્રણ માંથી એક પણ ટેબલ ઉપર જે તે ડાકટરની ફરજ હતી. તેમાંથી એક ડાંકટર હાજર રહેવા જોઈતા હતા પણ ફરજ કોની છે, તે માટે કોઈ આવવા તો જોઈએ ને શું ? સરકારી હોસ્પિટલોમાં ૧૦૦ ટકા ડાંકટર્સની અછત વર્તાઈ રહી છે. ક્યા હતા કાયમી ડાંકટરો ક્યા હતા સ્ટાઈપેન્ડ લેનારા પાર્ટ ટાઈમ ફરજ બજાવતા ડાંકટરો આ વહિવટીની પોલ ખુલી જવા પામી છે. તે તો જીલ્લાનું તંત્ર અને આરોગ્ય અધિકારીનો તપાસનો વિષય છે.

સરકારી હોસ્પિટલોમાં આંમ, ગરીબ આદિવાસી પ્રજા વિના મુલ્યે નિદાન માટે જાય છે. ત્યાં ડાંકટર્સની બેદરકારી સામે આવી ગરીબોને નાછૂટકે ખાનગી હોસ્પિટલમાં નિદાન માટે મજબુર થયા હતા. કેસો નોંધાવ્યા બાદ પણ ત્રણ-ત્રણ કલાક પેશન્ટોને ઉભા રહેવાનો વારો હતો પણ ડાંકટર્સ ૧૧.૧૫ સુધી આવ્યા ન હતા. ડાંકટર્સ ને આવવાનો સમય ૯-૦૦ યા ૧૦-૦૦ વાગ્યાનો હોય અહીં તો ૧૧.૧૫ થયા તો પણ કોઈપણ જવાબદાર કર્મી પેશન્ટોને જણાવ્યું ન હતું. ગુજરાત રાજ્યની સંવેદનશીલ સરકાર સ્વાસ્થ્યના પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે જ સરકારી બાબુઓની આ ગંભીર બેદરકારી કરનારા જે પણ આ દિવસે ફરજ રજીસ્ટરમાં ફરજ બોલાતી હોય તેઓને કારણ દર્શક નોટીસ કેમ ન આપવામાં આવે અને તેઓ જે ફરજ ઉપર સમયસર હાજર ના થયા તેઓનું જે તે દિવસનો પગાર કેમ ન કાપવો તેવા અનેક સવાલો ઉપસ્થિત થવા પામ્યા છે. હવે જીલ્લા વહિવટી તંત્ર કેવા પગલાં ભરશે તે આવનારો સમય બતાવશે.

# દાહોદ કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



દાહોદ,

કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવીની અદયક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં આગામી સમયમાં જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરિક્ષા પારદર્શકતા અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વિદ્યાર્થીઓને જરૂરી તમામ સુવિધાઓ મળી રહે એ રીતની વ્યવસ્થા માટે જરૂરી સૂચનો કલેક્ટરએ કર્યા હતા.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં વિવિધ કચેરીઓને યોગ્ય સંકલન થકી નાગરિકો સુધી વિવિધ યોજનાકીય લાભો સત્વરે પહોંચતા કરવા જણાવાયું હતું. બેઠકમાં નાગરિકો જેમના ૧૦ વર્ષ જુના આધાર કાર્ડ અપડેટ કરવાના બાકી હોય તેમના અપડેશનની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી જેથી તેઓને સરકારની યોજનાઓના લાભો આપી શકાય.

બેઠકમાં સીએમ ડેસ્કબોર્ડ અંતર્ગતની કામગીરી તેમજ રાઈટ ટુ સીએમઓ અંતર્ગત લોક ફરિયાદની અરજીઓનું સત્વરે નિરાકરણ લાવવા જણાવાયું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, એએસપી બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# શ્રીમતી ચંદ્રકાંતાબેન જી. ધાનકા સાયન્સ કોલેજ નગરાળાના NSS એકમ દ્વારા વાર્ષિક શિબિર




દાહોદ,

તા. ૨૨/૦૨/૨૦૨૩ ના રોજ ચંદ્રકાંતા જી. ધાનકા સાયન્સ કોલેજ નગરાળાના એન.એસ.એસ. એકમ દ્વારા ચાંદાવાડા પ્રાથમિક શાળા ચાંદાવાડા, જેસાવાડા રોડ, દાહોદ ખાતેથી ઉદ્દઘાટન કરવામાં આવ્યું. ઉદ્દઘાટન સમારોહમાં ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ, પર્વતભાઈ ડામોર, નિવૃત મેડિક્લ ઓફિસર છગનભાઈ બામણીયા, ચાંદાવાડા પ્રાથમિક શાળાના આચાર્ય મિતેશભાઈ સિસોદિયા તથા શાળાના શિક્ષક ગણ તેમજ સાયન્સ કોલેજ નાગરાળાના આચાર્ય નિશીથ મોઢીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી અને દીપ પ્રાગટ્ય કરી ઉદ્દઘાટન સત્રને ખુલ્લું મુકવામાં આવ્યું. ત્યારબાદ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ એન.એસ.એસ. એકમના પ્રોગ્રામ ઓફિસર સોહિલ મલેક દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. આ દરમિયાન સાયન્સ કોલેજના સ્વયંસેવકોએ એન.એસ.એસ.ની ટાળી વાળી પ્રવૃત્તિ કરાવી અને ત્યારબાદ રાષ્ટ્ર ની સેવા કરવી હેતુ થી એન.એસ.એસ. ગીત વગાડવામાં આવ્યું. આ સમયે સાયન્સ કોલેજના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણ હાજર રહ્યા હતા. અંતમાં પ્રોગ્રામ ઓફિસર સોહિલ મલેક દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલ ન્યુરો સર્જરીની વ્યવસ્થા કરાઈ



દાહોદ,

ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડહોસ્પિટલ, દાહોદ એ વર્ષ-૨૦૧૭થી સિવિલ હોસ્પિટલ દાહોદનો હવાલો મેળવ્યા બાદ ગરીબ, આદિવાસી દર્દીઓની સારવાર માટે અવાર નવાર વધારો કરવા પ્રયત્નશીલ રહેલ છે. જે અનુસાર અત્રેની હોસ્પિટલખાતે વધારાની સગવડ ન્યુરો સર્જરીની કરવામાં આવેલ છે. જેમાં મગજના તથા મણકાના વિવિધ પ્રકારના ઓપરેશનની સારવાર ચાલુ કરવામાં આવેલ છે. જે અનુસાર તા.૧૫-૦૨-૨૦૨૩ ના રોજ તાત્કાલિક સારવાર વિભાગમાં રાત્રીના ૧૧:૦૦ કલાકે ડો.ધીરેન હાડા(MCH Neuro Surgery)તથા એનેસ્થેટિક ડો.સૈલેશ પટેલ અને તેઓની ટીમ દ્વારા ન્યુરો સર્જરીનું પ્રથમ સફળ ઓપરેશન કરવામાં આવેલ તથા આજદિન સુધી કુલ ન્યુરો સર્જરીના (૯)નવ સફળ ઓપરેશન કરવામાં આવેલ છે.

અગાઉ આકસ્માતના કારણે દર્દીઓને ન્યુરો સર્જરીની સારવાર મેળવવા માટે વડોદરા, અમદાવાદ વિગેરે શહરો ખાતે દર્દીઓને જવું પડતું હતું, હાલ આ ન્યુરો સર્જરીની સુવિધા ઉપલબ્ધ થતા ગરીબ, આદિવાસી, મધ્ય પ્રદેશ, તથા રાજસ્થાન થી સારવાર માટે આવતા દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે બિલકુલ નિશુલ્ક સારવાર મળી રહે છે. જેથી મુસાફરી, નાણાકીય ખર્ચમાં રાહત તથાસઘન સારવાર મળી રહે છે. જેઓને આ સુવિધા આશીર્વાદ રૂપ થશે.

# ઝાલોદ તાલુકાના વરોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબી દર્દીઓને પોષણ કીટનું વિતરણ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત આજ રોજ દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જીલ્લા પંચાયત દાહોદ આરોગ્ય શાખાના ડીસ્ટ્રિક્ટ સેનેટરી ઈસ્પેક્ટર ટી.એસ.અમલિયાર દ્વારા નિક્ષય મિત્ર બની બે ટીબીના દર્દીઓને દત્તક લઈને પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર તથા આરોગ્યનો સ્ટાફ હાજર રહ્યો હતો. પ્રધાનમંત્રીના ટીબી મુકત ભારત ૨૦૨૫ અભિયાનને સફળ બનાવવા દરેક વ્યક્તિ જોડાય અને ટીબીના દર્દીઓ ને મદદ રૂપ થાય.



દાહોદના જિલ્લા પુરવઠા અધિકારી મિતેષ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લાની તમામ ગેસ એજન્સી ધારકો સાથે બેઠક યોજવામાં આવી હતી.

# વિશ્વ સામે ઉર્જાની વૈકલ્પિક વ્યવસ્થાઓના પડકાર સામે ગુજરાતના પ્રતિભાશાળી અધ્યાપકોની ગ્રીન એસી સિસ્ટમનો ઉપાય

દાહોદ,

વિશ્વ સામે વધતા પર્યાવરણ પ્રદૂર્ષણ અને ઉર્જાની વૈકલ્પિક વ્યવસ્થાઓના પડકાર છે. ત્યારે દાહોદનાં સરકારી ઈજનેરી કોલેજ તેમજ વડોદરાના પારૂલ યુનિવર્સીટીના અદયાપકોએ ગ્રીન એર કન્ડિશનિંગ સિસ્ટમ ત્રણ વર્ષની ભારે જહેમત અને સંશોધન બાદ શોધ કરીને ગર્વનમેન્ટ ઓફ ઈન્ડિયાને પેટન્ટ રજીસ્ટર કરવા માટે અરજી કરી છે. જેને માન્ય પણ રાખવામાં આવી છે. આ સીસ્ટમની ખાસિયત એ છે કે રૂઢિગત રીતે ઉપયોગમાં લેવાતા વીસીઆર એર કન્ડિશનિંગ કરતા તેમાં ૨૯% ઓછી એનર્જીની જરૂરીયાત રહે છે, તેમજ તે સૂર્ય શક્તિથી સંચાલિત છે.

સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ ખાતે ફરજ બજાવતા ડો. જાની દિલીપ બટુકરાય અને ડો. મોહસીન જે. દડી, પારૂલ યુનિવર્સીટી વડોદરા દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન રજીસ્ટ્રેશન એપ્લીકેશન ''હાયબ્રીડ સોલિડ ડેસીકેન્ટ એપેરેટસ વિથ એર કન્ડિશનિંગ સિસ્ટમ બાય યુસીન્ગ ઈવેક્યુએટેડ ટ્યુબ સોલાર કલેકટર'' પેટન્ટ ઓફિસ, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રાખવામાં આવી છે. આ પ્રોજેક્ટ એસ.ઓ.આઈ.સી. સ્કીમ અંતર્ગત ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટી (જીટીયુ), અમદાવાદ દ્વારા પારૂલ યુનિવર્સીટી, વડોદરા ખાતે ફંડેડ છે.

ડો. જાની તેમજ ડો. મોહસીન ખૂબ જ પ્રતિભાશાળી અદ્યાપકો છે. જેમણે પોતાના અભ્યાસ, અનુભવ થકી પોતાના રસના વિષયમાં ખંતપૂર્વક આ ગ્રીન એસીની સિસ્ટમની શોધ કરી છે. આ શોધ માટે આમ તેમની ત્રણ વર્ષની મહેનત છે. પણ તેનો અનુભવ અને અભ્યાસ જીવનભરનો કામે લગાડયો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઉક્ત ડિઝાઈન પ્રોજેક્ટ ''ઈનોવેટિવ ડેસીકેન્ટ ડીહયૂમીડીફીકેશન એન્ડ એર કન્ડિશનિંગ સિસ્ટમ'' ઉપર આધારિત છે. રૂઢિગત રીતે ઉપયોગમાં લેવાતા વીસીઆર એર કન્ડિશનિંગ કરતા તેમાં ૨૯% ઓછી એનર્જી ની જરૂરીયાત રહેછે તેમજ તે સૂર્ય શક્તિથી સંચાલિત છે. તેથી તેને ''ગ્રીન એર કન્ડિશનિંગ'' પણ કહેવામાં આવે છે. આ ડિઝાઈન પ્રોજેક્ટ તૈયાર કરવા માટે આશરે ત્રણ વર્ષનો સમય થયો છે.

ડેસીકેન્ટ ભેજશોષક આધારિત કુલીગ સિસ્ટમ વિશે વિગતે વાત કરતા ડો. દિલીપ જણાવે છે કે, વાતાવરણના કુલિગ માટે સામાન્ય રીતે પરંપરાગત વપરાતા વેપર કમ્પ્રેશન કુલીંગ સિસ્ટમમાં એક જ કુલીગ કોઈલ દ્વારા ભેજ શોષક તથા કુલીંગ ઓપરેશન્સ કરવામાં આવતું હોવાથી તેમજ ઈલેક્ટ્રિસીટીનો વપરાશ ધરાવતા કંમ્પ્રેશરનો ઉપયોગ થવાથી વીજળી બીલ વધારે આવે છે. તેમજ વાતાવરણમાં પ્રદૂષણના ફેલાવવાથી ગ્લોબલ વોર્મીંગનો ખતરો રહે છે. આના વૈકલ્પિક સ્વરૂપે ડેસીકન્ટ ભેજશોષક આધારિત કુલીંગ સિસ્ટમનો ઉપયોગ કરવાથી ભેજશોષક દ્વારા સૌપ્રથમ ભેજ દૂર કરવાથી સુકી હવાને વધારે તાપમાને કુલીગ કરવામાં આવતા પડતર એનર્જી ખર્ચ આશરે ૨૯ ટકા જેટલો પરંપરાગત કુલીગ કરવા કરતા ઓછો આવે છે.

તેઓ જણાવે છે કે, તેને ગ્રીન કુલીગ પણ કહેવામાં આવે છે. કારણ કે તેમાં સૌર્ય આધારિત ઉર્જાનો કલેક્ટર દ્વારા સંચય કરીને રીજનરેશન માટે ઉપયોગમાં લઈ શકાય છે. આથી આ ઈનોવેટીવ કુંલીગ મોટા કેપીસીટી માટે અસરકારક સાબિત થયા છે. ડેસીકેન્ટ ભેજશોષક કે જે સીલીકા જેલ, મોલીકયુલર સાઈલ, મેટલ સીલીકિટ જેવા ડેસીકેન્ટ રસાયણોમાંથી બનાવવામાં આવે છે. જે પોતાના વજન કરતા ૧૦૦૦૦ ટકા ભેજ શોષવાની ક્ષમતા ધરાવે છે. ભેજશોષક પાર્શીયલ પ્રેશરના ડાલ્ટનના સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે. જેમાં ભેજવાળી હવાને સૂકા ડેસીકેન્ટ ઉપરથી પસાર કરવાથી ડેસીકેન્ટનું પ્રેશર સૂકા વાતાવરણમાં ઓછું હોય છે. આથી ભેજ નેચરલી ભેજવાળી હવામાંથી દૂર થઈ પ્રેસર ડેસીકેન્ટને લીધે ડેસીકેન્ટની સપાટી ઉપર જમા થાય છે. અને બીજા છેડે બહાર નીકળતી હવા સૂકી હોય છે અને તેને જરૂરીયાત પ્રમાણે કુલીગ કરવામાં આવે છે. ગરમ હવાનું તાપમાન ૮૦ થી ૧૦૦ સેન્ટીગ્રેડ રાખવામાં આવે છે. તેથી ઉપરથી વિપરીત ભેજ, ભેજશોષકમાંથી હવામાં ટ્રાન્સફર થાય છે. જેને એક્સોસ તરીકે ખુલ્લી હવામાં દૂર કરવામાં આવે છે અને ભેજશોષક પૂર્વવત કાર્યરત થઈ જાય છે અને સાયકલ દ્વારા સતત કામ આપે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.156

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# લુણાવાડાના અરીઠા ગામ પાસે ગમખ્વાર અકસ્માતમાં ટેમ્પો પલ્ટી જતાં ૬ વ્યકિતઓના મોત : ૩૬ને ઈજાઓ



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર







પંચમહાલ સાંસદ અને લુણાવાડા ધારાસભ્યએ હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી

મલેકપુર,
મ હિ સા ગ ર ના લુણાવાડા થી મલેકપુર જવાના માર્ગ ઉપર આવેલ અરીઠા ગામ પાસેથી ટેમ્પામાં પાઘડીના પ્રસંગમાં જવા માટે લોકો જઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવતી કાર સાથે ટેમ્પો અથડાતા ટેમ્પો રોડ સાઈડમાં પલ્ટી ખાઈ ગયો હતો. ટેમ્પો પલ્ટી જતાં ટેમ્પામાં સવાર લોકો પૈકી ૫ વ્યકિતના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા હતા. જ્યારે ૩૬ લોકોને ઈજાઓ થતાં સારવાર અર્થે લુણાવાડા કોટેજ અને ગોધરા સિવિલમાં ખસેડવામાં આવતાં ગોધરા સિવિલ ખાતે વધુ એક વ્યકિતનું મોત થતાં ટેમ્પો પલ્ટી જવાથી ઘટનામાં મૃત્યુ આંક ૬ થવા પામ્યો. શુભ પ્રસંગમાં જતા રસ્તામાં નડેલ અકસ્માતની ઘટનાને લઈ માતમમાં ફેરવાયો.


મ હિ સા ગ ર ના લુણાવાડા ગઢા ગામેથી સાત તલાવ ખાતે પાઘડીના પ્રસંગમાં ટેમ્પોમાં લોકો સવાર થઈને જઈ રહ્યા હતા. અરીઠા ગામ પાસે સામેથી આવતી કાર અને ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાતા ટેમ્પો રોડ સાઈડમાં ત્રણ થી ચાર પલ્ટી ખાઈ જતાં ચીસાચીસ થી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ટેમ્પામાં સવાર લોકો પૈકી પાંચ લોકોના ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યા હતા. જ્યારે ૪૨ જેટલી વ્યકિતઓને ઈજાઓ થતાં તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે લુણાવાડા કોટેજ હોસ્પિટલ તેમજ ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગોધરા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ ૧ વ્યકિતનું મોત નિપજાતા અકસ્માતની ઘટનામાં મૃત્યુ આંક ૬ વ્યકિતના મોત નિપજાવા પામ્યા છે. લુણાવાડા નજીક અકસ્માતની ઘટનામાં ૬ વ્યકિતઓના મોત અને ૩૬ જેટલી વ્યકિતઓને ઈજાઓ થવાની ઘટનાની જાણ થતાં લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને ધારાસભ્ય દ્વારા અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામેલા અને ઈજાગ્રસ્તોને મુખ્યમંત્રી રાહત ફંડ માંથી સહાય આપવા માંગ કરવામાં આવી. અકસ્માતની ઘટના બાદ લુણાવાડા કોટેજ હોસ્પિટલ ખાતે તબીબો તેમજ અન્ય સુવિધાના અભાવ અંગે લોકોએ ભારે રોષ વ્યકત કર્યો.

## અકસ્માતની ઘટનામાં મૃતકોની યાદી

| | |
|---|---|
| ૧. નરેશભાઈ ભગાભાઈ તરાલ | - ઉ.વ. ૪૦, ગઢા. |
| ૨. જયંતિભાઈ મસુરભાઈ તરાલ | - ઉ.વ.૪૫, રાજગઢ. |
| ૩. વાઘાભાઈ મસુરભાઈ બારીયા | - ઉ.વ.૭૦, નાની પાલ્લી. |
| ૪. અરવિંદભાઈ નાનાભાઈ બારીયા | - ઉ.વ. ૪૫, નાની પાલ્લી. |
| ૫. રમણભાઈ સુખાભાઈ તરાલ | - ઉ.વ.૫૦, ગઢા. |
| ૬. નાનાભાઈ ઝવરાભાઈ ચોકિયાત | - ઉ.વ.૭૦, ગઢા. |

# કાલોલના ખરસાલીયા સુબ્રહમન્યમ કંપનીના કામદારોની વ્હારે આવ્યા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ

## કંપની માલિક અને મેનેજરને ત્રણ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવાનું અલ્ટીમેન્ટન આપ્યું



કાલોલ,
કાલોલના ખરસાલીયા ખાતે આવેલ સુબ્રહમન્યમ સ્લીપર કંપની દ્વારા ૨૦૧૫ થી કાયમી કરેલ ૯૪ કામદારોને અચાનક લે-ઓફ માટેની નોટીસ કંપની બહાર લગાવી દેતાં કામદારો દ્વારા કંપની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને કામદારો પોતાના હકક માટે લડત ચલાવી રહ્યા છે. ત્યારે કાલોલ ધારાસભ્ય દ્વારા સ્લીપર કંપનીમાં આવી હાજર વ્યકિત સાથે વાતચીત કરી ત્રણ દિવસમાં યોગ્ય કાર્યવાહી માટે અલ્ટીમેન્ટ આપવામાં આવ્યું.

કાલોલના ખરસાલીયા ખાતે સુબ્રહમન્યમ સ્લીપર કંપની દ્વારા કંપનીમાં ૨૦૧૫ થી કાયમી કરેલ ૯૪ જેટલા કામદારોનેં અચાનક લે-ઓફ માટેની નોટીસ કંપની બહાર લગાવી દેતાં કામદારો દ્વારા કંપની બહાર ભેગા થઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. લીગલ અને કામદાર એસોશીએશન દ્વારા કંપનીના માલિક સાથે વાત કરવામાં આવી હતી અને લે-ઓફ પર મુકવામાં આવેલ કંપનીના નિયમનો વિરોધ કરવામાં આવ્યો હતો. કંપનીના મેનેજર સાથે વાત કરવામાં આવી હતી કે, કાયમી કામદારોને જાણ કર્યા વગર ૯૪ કામદારોના નામ સાથે નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવી હતી. તેની જાણકારી કામદારોને થતાં કંપની દ્વારા લે-ઓફ ઉપર કામદારો માટે નિયમો બનાવવામાં આવ્યા તેનો વિરોધ કર્યો હતો. ત્યારે બીજી તરફ કંપનીમાં કોન્ટ્રાક ઉપર લીધેલા કામદારો દ્વારા કામગીરી ચાલતી હોવાના આક્ષેપ કરવામાં આવ્યો હતો. કાયમી કામદારોને લે-ઓફ ઉપર મુકવામાં આવ્યા છે. તેમ જણાવવામાં સુબ્રહમન્યમ કંપની દ્વારા કાયમી કામદારો સાથે શોષણ કરવામાં આવે છે. બે વર્ષથી યુનિફોર્મ અને બુટ પણ આપવામાં આવેલ નથી. એક તરફ કામદારોનું શોષણ ન થાય તેમજ યોગ્ય સવલતો અને સલામતી મળે તે માટે મજુર કાયદાઓ ઘડવામાં આવ્યા છે. તેમ છતાં ખરસાલીયા સુબ્રહમન્યમ કંપની દ્વારા મનમાની ચલાવી વર્ષો પહેલા ઓછા વેતનમાં કામ કરી કાયમી કરેલ કામદારો કોઈપણ જાતની જાણ કર્યા વગર લે-ઓફ ઉપર મુકતા કામદારોનો વિરોધ શોષણ ન થાય. કાલોલ ખરસાલીયા ખાતે આવેલ સ્લીપર કંપની દ્વારા ૯૪ કાયમી કામદારોને નોટીસ આપ્યા વગર લે-ઓફ ઉપર છુટા કરી દેવામાં આવતાં સ્થાનિક ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ કામદારોને પડખે આવ્યા છે અને સ્લીપર બનાવતી કંપનીની મુલાકાત લીધી હતી. કંપનીમાં હાજર વહીવટી વ્યકિતઓ સાથે વાતચીત કરતાં ધારાસભ્યને સંતોષકારક જવાબ નથી મળતાં ધારાસભ્ય એ ત્રણ દિવસની અંદર યોગ્ય કાર્યવાહી કરી કામદારોને ન્યાય અને હકક મળે તેવી કાર્યવાહી કરવાનું અલ્ટીમેન્ટ આપવામાં આવ્યું.

# નિવાસી અધિક જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ



ગોધરા,
પંચમહાલ જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક નિવાસી અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમાની અધ્યક્ષતામાં જિલ્લા સેવાસદન કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલ, ગોધરા ખાતે યોજાઈ હતી. આગામી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ યોજાવા જઈ રહી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ પરીક્ષાનું સુચારૂ આયોજન થાય તેના અનુસંધાને સબંધીત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે, જિલ્લામાં પરીક્ષા બાબતે તમામ તકેદારીઓ રાખવામાં આવે તથા તટસ્થ રીતે પરીક્ષાઓ યોજાય તે અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તેવું જણાવ્યું હતું. આ વેળાએ પરીક્ષાની કામગીરી માટે સ્ટાફની નિમણુંક, ઝોનલ અધિકારીઓ, આયોગના પ્રતિનિધિઓ, તકેદારી સુપરવાઈઝર, સ્થળ સંચાલક, સ્ટ્રોંગ રૂમ, પરીક્ષા કેન્દ્રો ખાતે પોલીસ બંદોબસ્ત, પરીક્ષા બિલ્ડીંગ ખાતે સામાજીક અંતર જળવાય, પરીક્ષાના દિવસે વીજ પુરવઠો જળવાઈ રહે તેવી વ્યવસ્થા, તબીબી અને ૧૦૮ સેવા, બસ સેવા વગેરે બાબતોએ સુચારૂ સલાહ સૂચનો કરીને યોગ્ય આયોજન કરવા જણાવ્યું હતું.

નોંધનીય છે કે, પંચમહાલ જિલ્લામાં ધો.૧૦ માટે ૩૩ કેન્દ્ર,૮૭ બિલ્ડીંગ ખાતે અને ૯૪૭ બ્લોક પર કુલ ૨૮,૨૫૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. જ્યારે ધો.૧૨ માટે ૨૧ કેન્દ્ર,૫૬ બિલ્ડીંગ ખાતે ૫૯૮ બ્લોક પર ૧૮,૪૬૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં આપશે.જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહ માટે ૦૨ કેન્દ્ર,૧૦ બિલ્ડીંગના ૧૦૯ બ્લોક પર ૨૧૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ તમામ પરીક્ષાકેન્દ્રો ખાતે સીસીસીટી રેકોર્ડિંગ સાથે પરીક્ષા લેવામાં આવશે.

આજની આ બેઠકમાં જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ સહિત સબંધીત વિભાગના વડાઓ હાજર રહ્યા હતા.


# શહેરાના મોરવા-વાડી ગામ તરફ રોડ ઉપરથી પંચરાઉ લાકડાની ટ્રક વન વિભાગે ઝડપી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરાના મોરવા-વાડી ગામ તરફ જતા રસ્તા ઉપરથી ગેરકાયદે પંચરાઉ અને ઈમારતી લાકડા ભરેલ ટ્રકને વન વિભાગે ઝડપી પાડી હતી. વન વિભાગે લાકડા અને ટ્રક મળી રૂપિયા ૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. શહેરા વન વિભાગ કચેરીના રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.વી.પટેલ તેમજ ગુણેલી ઈન્ચાર્જ ફોરેસ્ટર એન.જી.સોલંકી સહિત વન વિભાગનો સ્ટાફ બુધવારની વહેલી સવારે મોરવા-વાડી ગામ તરફ જતા ડામર રસ્તા ઉપર પેટ્રોલિંગમાં હતા. તે સમય દરમ્યાન ત્યાંથી પસાર થતી ટ્રક નંબર જીજે.૧૭.ટી. ૫૧૮૮ ને ઉભી રખાવતા વન વિભાગની ટીમ દ્વારા ટ્રકમાં તપાસ કરવામાં આવતા ટ્રકમાં પંચરાઉ અને ઈમારતી લાકડા ભરેલ હોવાનું માલુમ પડ્યું હતું. જેને લઈને ચાલક પાસે લાકડા અંગેના આધાર પુરાવા માંગતા ચાલકે આધાર પુરાવા રજૂ નહીં કરતા ગેરકાયદે લાકડા ભરેલ ટ્રકને શહેરા પરિક્ષેત્ર વન અધિકારીની કચેરી ખાતે લાવવામાં આવી હતી.વન વિભાગે લાકડા અને ટ્રક સહિત અંદાજિત રૂ.૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, વન વિભાગના આર.એફ.ઓ રોહિત પટેલ દ્વારા શિયાળાની ઋતુની શરૂઆતથી આજ દિન સુધીમાં લાકડાની બે નંબરી હેરાફેરી અટકાવીને કડક કાર્યવાહી હાથ ધરીને ૧૫ કરતા વધુ ગેરકાયદે લાકડા ભરેલા વાહનો પકડી પાડયા હતા.

# ઘોઘંબાના જાગના મુવાડા પંચાયત વિસ્તારમાં ગેરકાયદેસર મટન શોપ સીલ કરવાની સ્થાનિક સત્તાધિશોને સત્તા આપેલ હોવાનો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનો ખુલાસો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના જાગના મુવાડા ગામે ગેરકાયદેસર મીટ શોપ, સ્લોટર હાઉસ સીલ કરવા પંચાયત તલાટીને કાર્યવાહી કરવા માટે જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા લેખિતમાં સુચન કરવામાં આવ્યું.

ઘોઘંબા તાલુકાના જાગના મુવાડા ગ્રામ પંચાયત વિસ્તારમાં બે ઈસમો નવાજ મટન શોપ, કે.જી.એન. ચિકન એન્ડ મટન શોપ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી છે. આ બન્ને ઈસમો સામે ફુડ સેફટી એકટ ભંગ બદલ એડજયુકેટીંગ કેસ દાખલ કરવામાં આવેલ ફુડ સેફટી એકટ મુજબ આ તંત્રને જગ્યા સીલ કરવાની સત્તા નિયત થયેલ નથી. ગુજરાત મ્યુનિસીપાલીટી એકટ ૧૯૯૩ ગુજરાત પંચાયત એકટ-૧૯૯૩ અને ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ મુજબ ધંધાની જગ્યા સીલ કરવાની બંધ કરવાની સત્તા સંબધિત લોકલ એકટ હેઠળ સ્થાનિક સત્તાધિકારીને આપવામાં આવેલ હોય ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયત સત્તાધિકારી દ્વારા બન્ને મટન શોપને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગોધરા દ્વારા જાગના મુવાડા તલાટીને લેખિતમાં જાણ કરવામાં આવી.

# પંચમહાલ લોકસભા મત વિસ્તારના નાગરિકોના પ્રશ્નો માટે "જનતા દરબાર"



ગોધરા,
કડાચલા સાંસદ ઓફીસ દર રવિવારની જેમ આજે પણ લોક્સભા મત વિસ્તારના મારા પરિવાર સમા મતદાતા ભાઈઓ-બહેનોના પ્રશ્નો સાંભળીને પ્રશ્નોના જલ્દી ઉકેલ આવે તે માટે તમામ મિત્રોના અંગત રીતે પ્રશ્નો સાંભળી અને તમામ યોગ્ય પ્રશ્નોના હલ આવે એ દિશામાં પ્રયત્નો થાય એવી ચિંતા કરી. હું મારા મત વિસ્તારના સમા દરેક મારા પરિવાર જેવા મિત્રો ભાઈઓ-બહેનોને વિનંતી કરૂં છુ કે તમે પણ તમારા એવા કોઈ અ પણ પ્રશ્નો હોય જેને સમાધાન માટે મારી કોઈપણ મદદ ઈચ્છતા હોવ મને જરૂર થી જાણ કરજો. હું દર રવિવારે સાંસદ કાર્યાલય ખાતે સવારે ૯-૦૦ વાગે થી ઉપલબ્ધ હોવ છું અને ગોધરા ખાતેના જનસંપર્ક કાર્યાલય ખાતે દર સોમવારે તમામ મિત્રોના પ્રશ્નોને વાચા આપવા અને એના સમાધાન માટે પ્રયત્ન શીલ હોવ છું.

# ગોધરા બામરોલી રોડ નંદનવન બંધ મકાન માંથી ૧.૨૫ લાખની મત્તાની ચોરી કરી જતાં તસ્કરો



ગોધરા,
ગોધરાના બામરોલી રોડ ખાતે આવેલ નંદનવન સોસાયટીના બંધ મકાનને અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવી ઘર માંથી સોના-ચાંદીના દાગીના સહિત ૧.૨૫ લાખની ચોરી કર્યાની એ ડીવીઝન પોલીસ મથકે અરજી આપવામાં આવી.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરાના બામરોલી રોડ ઉપર આવેલ નંદનવન સોસાયટીમાં રહેતા જીતેન્દ્ર કંચનલાલ સોની તા.૧૭ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી મથુરા ખાતે વ્રજયાત્રામાં દર્શન માટે ગયા હતા. ત્યારે બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને દરવાજાનો નકુચો તોડી ઘરમાં રાખેલ તિજોરી અને કબાટ માંથી સોના-ચાંદીના દાગીના સહિત ૧.૨૫ લાખની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે લેખિતમાં અરજી આપવામાં આવી.

# શહેરા પોલીસે પશુ સંરક્ષણના ગુન્હામાં છેલ્લા છ એક માસથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને રેડ એપલ હોટલ પાસેથી ઝડપી પાડ્યો

શહેરા,
પંચમહાલ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરા પોલીસ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેની કાર્યવાહીમાં હતી. ત્યારે શહેરા પોલીસ મથકના પોલીસ ઈન્સપેકટર આર.કે.રાજપૂતને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરા પોલીસ મથકના પશુ સંરક્ષણ અધિનિયમના ગુન્હામાં છેલ્લા છ એક માસથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી ગોધરા શહેરના ઈદગાહ મહોલ્લાનો મહેબુબ અબ્દુલ્લા સબુરીયા ઝોઝ પાટિયા નજીક આવેલ રેડ એપલ હોટલ ઉપર આવેલ છે. જે બાતમીના આધારે પોલીસ ઈન્સપેકટર આર.કે.રાજપૂતે શહેરા પોલીસ મથકની સર્વેલન્સ ટીમને નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા માટેની સૂચના આપતા પોલીસ મથકની સર્વેલન્સ ટીમે ઝોઝ પાટિયા નજીક આવેલ રેડ એપલ ખાતે પહોંચી પશુ સંરક્ષણના ગુન્હામાં નાસતા ફરતા આરોપી મહેબુબ સબુરીયાને ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા-વડોદરા રોડ ઉપર આવેલ સરકારી કચેરી પાસે પોલ ઉભા કરી એલઈડી લાઈટ નાખવા રજુઆત

ગોધરા,
ગોધરા-વડોદરા હાઈવેને જોડતા જીલ્લાની મુખ્ય કચેરીઓ ધરાવતા વિસ્તારમાં આવેલ માર્ગ ઉપર પોલ ઉભા કરીને સ્ટ્રીટ લાઈટ નાખવા માટે માર્ગ અને મકાન વિભાગને રજુઆત કરાઈ.

ગોધરા શહેરના વડોદરા હાઈવેને જોડતા માર્ગ ઉપર જીલ્લાની વડી કચેરીઓ આવેલ હોય જેમ કે, જીલ્લા કલેકટર કચેરી, જીલ્લા પંચાયત, મામલતદાર, પ્રાંત કચેરી, જીલ્લા અદાલત આવેલ હોય આ વિસ્તાર ૨૪ કલાક ટ્રાફિક થી ધમધમતા હોય છે પરંતુ રાત્રીના સમયે અંધારપટ છવાયેલ જોવા મળે છે. અંધારાના કારણે અકસ્માત થવાનો ભય રહેતો હોય સાથે અસામાજીક તત્વો દ્વારા કૃત્યો થવાની સંભાવના હોય જેને લઈ આ વિસ્તારમાં નવા પોલ ઉભા કરીને એલ.ઈ.ડી. લાઈટો નાખવામાં આવે તેવી લેખિત રજુઆત મો.તાહિર સિદ્દીક મફત દ્વારા માર્ગ અને મકાન વિભાગને કરવામાં આવી.